**આજનો સુવિચાર**
જ્યારે વ્યક્તિ સફળ થાય છે ત્યારે લોકો ખુશ નથી થતા પરંતુ ઈર્ષ્યા કરવા લાગે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૮ જૂનાગઢ તા.૧૩-૦૫-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 128, Junagadh : Date : 13 May, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# આજે ચોથા તબકકામાં લોકસભાની ૯૬ બેઠકો પર યોજાઈ રહેલું મતદાન

## પ્રારંભીક ૪ કલાકમાં સરેરાશ ૨૪ ટકા મતદાન : સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં ૩૪ ટકા મતદાન : મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૧૯ ટકા : આંધ્રપ્રદેશ વિધાનસભાની તમામ ૧૭૫ અને ઓડીશા વિધાનસભાની ૨૮ બેઠકો પર પણ યોજાઈ રહેલું મતદાન



નવી દિલ્હી તા.૧૩

લોકસભાની ચૂંટણીના આજે ચોથા તબકકામાં ૧૦ રાજયોની ૯૬ બેઠકો પર સવારથી મતદાન થઈ રહ્યું છે. પ્રારંભીક ૪ કલાકમાં સરેરાશ ૨૫ ટકા મતદાન થયુ હતું. પશ્ચિમ બંગાળમાં હિંસક ઘટનામાં તૃણમુલ કોંગ્રેસના કાર્યકરની હત્યા થઈ છે.

૧૦ રાજયોની ૯૬ બેઠકો પર સવારે સાત વાગ્યાથી મતદાનનો ઉત્સાહપૂર્ણ પ્રારંભ થયો હતો. ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે તેમાં અખીલેશ યાદવ, મહુઆ મોઈત્રા, યુસુફ પઠાણ, શત્રુઘ્નસિંહા જેવા દિગ્ગજો તથા પાંચ કેન્દ્રીય પ્રધાનોનો પણ સમાવેશ થાય છે. આજના મતદાનમાં સામેલ બેઠકોમાં આંધ્રપ્રદેશની તમામ ૨૫ ઉપરાંત ઉતરપ્રદેશની ૧૩, તેલંગાણાની ૧૭, મહારાષ્ટ્રની ૧૧, મધ્યપ્રદેશની ૮, પશ્ચિમ બંગાળની ૮, બિહારની પાંચ, ઝારખંડ-ઓડિશાની ચાર-ચાર તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકોનો સમાવેશ થાય છે. આજે લોકસભાની ચૂંટણીનાં ચોથા તબક્કામાં આંધ્રપ્રદેશમાં વિધાનસભાની તમામ ૧૭૫ બેઠકો અને ઓડીશા વિધાનસભાની ૨૮ બેઠકો પર પણ મતદાન યોજાઈ રહયું છે.

મોટાભાગના ક્ષેત્રોમાં મતદાન શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યુ હોવા છતાં પશ્ચિમ બંગાળના બોલપુરના કેતુગ્રામ ક્ષેત્રમાં બોંબ ઝીંકાતા તૃણમુલ કોંગ્રેસના એક કાર્યકરનું મોત નિપજયું હતું. પાર્ટીના જ આંતરિક વિવાદમાં હત્યા થઈ હતી જેમાં બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. કાશ્મીરની બેઠકના મતદાનમાં આજે ફારૂક અબ્દુલ્લા, ઉમર અબ્દુલ્લા, મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી મોહન યાદવ, એઆઈએમઆઈએમના અધ્યક્ષ ઔવેશી, સાઉથના ફીલ્મસ્ટાર અલ્લુ અર્જુન, કેન્દ્રીય મંત્રી ગીરીરાજસિંહ વગેરેએ સવારે જ મતદાન કર્યુ હતું. બિહાર સહિતના રાજયોમાં અનેક મતદાન મથકોએ સવારથી જ મતદારોની લાઈનો જોવા મળી હતી.

દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રારંભીક ૪ કલાકમાં ઉત્તરપ્રદેશની ૧૧ બેઠકો પર સરેરાર ૨૮ ટકા મતદાન નોંધાયુ છે. બિહારની પાંચ બેઠકો પર ૨૪ ટકા, પશ્ચિમ બંગાળની ૮ બેઠકો પર ૩૪ ટકા, ઓડીશામાં ૨૫ ટકા, મધ્યપ્રદેશમાં ૩૪ ટકા, મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૧૯ ટકા, ઝારખંડમાં ૨૯ ટકા, તેલંગાણામાં ૨૬ ટકા અને જમ્મુ -કાશ્મીરમાં ૧૬ ટકા મતદાન નોંધાયું હતું.

## આંધ્રપ્રદેશમાં વોટને બદલે નોટનો ખેલ : ઉમેદવારોનાં કાર્યાલય બહાર ધમાલ : એક મતની કિંમત રૂા. ૧૦૦૦ થી ૬૦૦૦

વિજયવાડા, તા.૧૩:

આંધ્રપ્રદેશમાં ચૂંટણી દરમિયાન મતદારોને ૧૦૦૦ રૂપિયાથી લઈને ૫,૦૦૦ રૂપિયા સુધીની રોકડ વહેંચવાના આરોપો લાગ્યા છે. આ ખુલાસો ત્યારે થયો જ્યારે કેટલાક સ્થળોએ લોકો મતદાન પહેલા જ રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેમણે કહ્યું કે જો બધાને પૈસા મળ્યા તો તેમને કેમ ન મળ્યા ? આંધ્રપ્રદેશમાં મતદાનના થોડા કલાકો પહેલા આંધ્રપ્રદેશમાં ઓછામાં ઓછા પાંચ સ્થળોએ ભારે હંગામો થયો હતો. લોકોએ નેતાઓ પાસેથી પૈસાની માંગણી કરવાનું શરૂ કર્યું, જે તેમને વોટના બદલામાં આપવાનું કહેવામાં આવ્યું. જો કે આ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને ખોટું છે પરંતુ આ રાજ્ય માટે તે કંઈ નવું નથી. રસપ્રદ વાત એ છે કે મોંઘવારી વધતાં એક મતની કિંમત પણ વધી. રિપોર્ટ અનુસાર, ઘણી વિધાનસભા અને લોકસભા મતવિસ્તારમાં વોટના બદલામાં રોકડની કિંમત ૧,૦૦૦ રૂપિયાથી ૬,૦૦૦ રૂપિયા સુધીની છે. આજે આંધ્રપ્રદેશ લોકસભાની ૨૫ અને વિધાનસભાની ૧૭૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે.

## ગુજરાતની તમામ ૨૬ બેઠક જીતવાનો ટાર્ગેટ ભાજપ માટે મુશ્કેલ : આઈબીનાં રીપોર્ટથી નેતાગીરીની ઉંઘ હરામ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે અને હવે પરિણામ માટે ત્રણેક અઠવાડિયાની પ્રતિક્ષા છે ત્યારે ગુપ્તચર વિભાગના રીપોર્ટથી ભાજપ નેતાગીરીની ઉંઘ હરામ થઈ ગઈ છે. આઈબીના રીપોર્ટને ગંભીરતાથી લઈને નેતાગીરી દ્વારા તેની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. ભાજપના જ માહિતગાર સુત્રોની વાત માનવામાં આવે તો આઈબી દ્વારા એવો રીપોર્ટ આપવામાં આવ્યો છે કે ગુજરાતની બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને જામનગરની બેઠકો ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવી બની શકે તેમ છે. આ બેઠકોમાં ભાજપનો વિજય થાય તો પણ જીતનું માર્જીન ખાસ રહી શકે તેમ નથી.

આ રીપોર્ટના પગલે ભાજપ નેતાગીરી દ્વારા ચારેય બેઠકોના મતદાનના આંકડાઓની ચકાસણી શરૂ કરવામાં આવી છે. ચારે બેઠક પર કેટલું મતદાન થયું હતું અને તેમાંથી ભાજપને કેટલા મત મળી શકયા હોય તેની ગણતરી શરૂ કરવામાં આવી છે. ક્ષત્રિય આંદોલનની મુખ્ય અસર જામનગર, ભાવનગર જેવી અમુક બેઠકો પુરતી મર્યાદિત રહેવાની મનાતુ હતું. પરંતુ આઈબી રીપોર્ટમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## વારાણસીમાં વડાપ્રધાન મોદીનો આજે રોડ-શો : આવતીકાલે ફોર્મ ભરશે



વારાણસી,તા. ૧૩: વડાપ્રધાન મોદીનો આજે રોડ-શો યોજાઈ રહયો છે. ઉત્તર પ્રદેશની વારાણસી લોકસભા બેઠક માટે આવતીકાલે ઉમેદવારી ફોર્મ ભરવાના છે. આ દરમિયાન એનડીએના ઘણા નેતાઓ ઉપસ્થિત રહેશે. મળતા અહેવાલો મુજબ વડાપ્રધાન મોદી ઉમેદવારી ફોર્મ ભર્યા પહેલા સવારે અસ્સી ઘાટ જશે અને લગભગ ૧૦.૦૦ કલાકે કાળભૈરવ મંદિરે દર્શન કરશે. ત્યારબાદ NDA નેતાઓ સાથે બેઠક કરશે અને પછી ૧૧.૪૦ કલાકે ઉમેદવારી ફોર્મ ભરશે. ત્યારબાદ તેઓ ઝારખંડ જવા રવાના થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉમેદવારી ફોર્મ ભર્યા પહેલા કાશીના કોતવાલા બાબા કાળભૈરવના મંદિરમાં દર્શન કરશે અને પૂજા-અર્ચના પણ કરશે. અગાઉ તેમણે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ આ મંદિરમાં દર્શન કર્યા હતા. એવું કહેવાય છે કે, મંગળવાર કાલભૈરવનો ઉત્પત્તિ દિવસ છે. ભગવાન કાલભૈરવના દર્શન અને પૂજનથી વિશેષ ફળ મળે છે.

## નવસારી નજીક દાંડીનાં દરીયામાં ૭ લોકો ડુબ્યા : ૪નાં મોત

નવસારી તા. ૧૩

નવસારી જીલ્લામાં દાંડીના દરિયાકાંઠે રવિવારની રજા માણવા આવેલા ત્રણ પરિવારના ૭ લોકો દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પોલીસ જવાનો અને હોમગાર્ડે ૩ લોકોને ઉગારી લીધા હતા. જ્યારે માતા અને બે પુત્રો સહિત ચાર લોકો લાપતા હતા. જેઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ત્યારે ૧૪ કલાકની બાદ ૪ માંથી બે લોકોના મૃતદેહ વહેલી સવારે હાથ લાગ્યા હતા. જે બાદ અન્ય બે લોકોના પણ મૃતદેહ મળી આવ્યાં છે.

દાંડીના દરિયામાં ડૂબેલા એક જ પરિવારના ૪ લોકોના મૃતદેહ મળી આવ્યાં છે. ૧૪ કલાકની ભારે શોધખોળ બાદ પણ તરવૈયાઓને માત્ર મૃતદેહ હાથ લાગ્યા છે. યુવરાજ અને તેની માતા સુશિલાનો મૃતદેહ વહેલી સવારે અલગ અલગ જગ્યાએથી મળી આવ્યો હતો.

ગઈકાલે રવિવારની રજા હોય નવસારી ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં લોકો દાંડીના દરિયાકાંઠે ફરવા માટે આવ્યા હતા. દરિયાકાંઠે લોકો ન્હાવાની મોજ માણી રહ્યા હતા ત્યારે અલગ અલગ ત્રણ પરિવારોના ૭ લોકો ડૂબ્યા હતા. જેમાં બે પરિવારના વિપુલભાઈ ઈશ્વરભાઈ હળપતિ, રાકેશ અને અતિશ નામના ત્રણ વ્યકિતને બચાવી લેવાયા હતા.

નવસારીમાં રહેતા સુશિલાબેન નામના મહિલા તેમના પુત્ર યુવરાજ (ઉ.વ.૨૦) , દેશરાજ (ઉ.વ.૧૫) અને રાજસ્થાનથી ફરવા આવેલી બહેનની દીકરી દુર્ગા (ઉ.વ. ૧૭) સાથે દાંડી ફરવા આવ્યા હતા. જે ચારેય લોકો દરિયાના પાણીમાં ગરકાવ થયા હતા. તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે સવારે યુવરાજ અને સુશિલાનો મૃતદેહ મળી આવ્યાં બાદ અન્ય બે લોકોના પણ મતદેહ મળી આવ્યાં છે.

## કાશ્મીરમાં લોકસભાની શ્રીનગર બેઠક પર યોજાઈ રહેલું મતદાન

શ્રીનગર, તા.૧૩:

જમ્મુ-કાશ્મીરના શ્રીનગર લોકસભા મત વિસ્તારમાં મતદાન ચાલી રહ્યું છે, જ્યાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થયું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મતવિસ્તારના કેટલાક વિસ્તારોમાં, લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકોની બહાર કતારોમાં ઉભા જોવા મળ્યા હતા. ૭ તબક્કાની લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં શ્રીનગર બેઠક પર મતદાન થઈ રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર લોકસભા મતવિસ્તારમાં સોમવારે મતદાન શરૂ થયું ત્યારે જૂના શહેર વિસ્તાર સહિત ઘણા મતદાન મથકો પર મતદારોની લાઈનો જોવા મળી છે. વાદળછાયા આકાશમાં, પુલવામા, કંગન, ગાંદરબલ, બડગામ અને પમ્પોર વિસ્તારોમાં મતદારો મોટી સંખ્યામાં તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે બહાર આવ્યા હતા. ૧૯૮૭ પછી કાશ્મીરમાં યોજાય રહેલી આ પહેલી ચૂંટણી છે જ્યારે અલગતાવાદીઓએ ચૂંટણીના બહિષ્કારનું આહ્વાન કર્યુ નથી અને શ્રીનગરના જૂના શહેર વિસ્તારો, ખીણમાં અલગતાવાદી લાગણીના એક સમયે ગઢ માનવામાં આવતા વિસ્તારમાં પણ, મતદારો પોતાનો મત આપવા માટે કોઈપણ ડર વિના બહાર આવ્યા છે.

## વાલીઓ માટે રાહતનાં સમાચાર : નોટબુકના ભાવમાં ૧૫ ટકાનો ઘટાડો

મુંબઈ,તા. ૧૩:

નવા શૈકક્ષણિક સત્રના આરંભ પહેલા વાલીઓને રાહત થાય તેવા સમાચાર જાણવા મળી રહ્યા છે. ચાલુ વર્ષે નોટબુકના ભાવમાં ૧૨થી ૧૫ ટકા જેટલો ઘટાડો જોવા મળનાર છે. પેપરના ભાવમાં ઘટાડો થયો હોય આ વર્ષે નોટબુકમાં ભાવમાં પણ ઘટાડો થશે એમ સ્ટેશનરી વ્યવસાય સાથે સંકળાયેલા વર્તુળોનું કહેવું છે. દર વર્ષે નવા સત્રના આરંભ સાથે વાલીઓ માટે સંતાનોના ચોપડા સહિતની સ્ટેશનરી સામગ્રીના વધતા ભાવ વાલીઓ માટે ચિંતાનો વિષય બને છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન નોટબુકના ભાવમાં ૨૫થી ૩૦ ટકા વધારો જોવા મળ્યો છે. જોકે, આ વખતે ચિત્ર બદલાયું છે. આ વર્ષે નોટબુકના ભાવમાં ૧૨થી ૧૫ ટકા જેટલો ઘટાડો થયો હોય વાલીઓને મોટી રાહત થશે.

## રાજસ્થાનમાં ડ્રગ્સ બનાવવાની ફેકટરી ઝડપાઈ : રૂા.૧૦૦ કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયું

મુંબઈ,તા.૧૩: મુંબઈની સાકીનાકા પોલીસે રાજસ્થાનમાં ધમધમતા મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાના કારખાનાનો પર્દાફાશ કરી અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ બનાવમાં ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હોઈ જપ્ત કરાયેલા ડ્રગ્સમાં લિકિવડ એમડી મોટા પ્રમાણમાં હોવાનું પોલીસનું કહેવું છે.

સાકીનાકા પોલીસના જણાવ્યા મુજબ જાન્યુઆરીમાં બે આરોપી સરફરાઝ શેખ (૨૨) અને માજિદ શેખ (૪૪)ને પકડી પાડવામાં આવ્યા હતા. સાકીનાકામાં ડ્રગ્સ વેચવા કેટલાક શખસ આવવાના હોવાની માહિતીને આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. તે સમયે બન્ને આરોપી પાસેથી અંદાજે રૂા.૩.૩૫ કરોડ રૂપિયાનું એમડી જપ્ત કરવામાં આવ્યું હતું.

આરોપીઓની તપાસમાં તે પુણેના પ્રશાંતના સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પ્રશાંતને તાબામાં લઈ પૂછપરછ કરતાં રાજસ્થાનમાં એમડી બનાવવાના કારખાનાની વિગતો મળી હતી.

## રાજયનાં હવામાનમાં પલ્ટો : આજથી પાંચ દિવસ માવઠાની આગાહી

રાજકોટ, તા. ૧૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી બાદ રાજયનાં કેટલાંક ભાગોમાં ફરી હવામાન પલ્ટો આવ્યો છે અને અમુક સ્થળે માવઠાનો માહોલ છે. દરમ્યાન આજથી તા.૧૭ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતનાં અનેક વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે માવઠુ વરસવાની આગાહી થતા ફરી ખેડુતો ચિંતાતુર બન્યા છે.


**જોઈએ છે**
જૂનાગઢ ખાતે ટ્રાન્સપોર્ટ લાઈનનાં અનુભવી કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪

**ખોડલધામ ટુર**
મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્ગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



**હરસ, ભગંદર, ફીશરની** ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હ્રદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# જૂનાગઢમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ તેમજ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન યોજાયા



જૂનાગઢ તા. ૧૩ જૂનાગઢમાં સક્કરબાગ પાસે આવેલ કસ્તુરબા સોસાયટીમાં શ્રી ધુનેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં તારીખ ૪/૫ થી ૧૧/૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવેલ છે. વ્યાસપીઠ પર યોગી ગિરધરનાથજીએ સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવેલ તેમજ તા.૧૧ ના રોજ સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પાંચ યુગલે પ્રભુતામાં પગલા પાડેલ હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહંત શ્રી યોગી ગિરધારનાથજી તેમજ અશોકભાઈ મકવાણા, શીવાભાઈ મકવાણા તેમજ મહાદેવ ગ્રુપ, સમસ્ત કસ્તુરબા સોસાયટી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું.

# વડોદ ગામના ખેડૂતની દિકરી ધો.૧૨માં સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમે

## અભ્યાસ પ્રત્યેની લગની અને સખત મહેનતથી શ્રેષ્ઠ પરિણામ



જૂનાગઢ તા. ૧૩ ધો.૧૨ સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં ઝળહળતું રીઝલ્ટ મેળવી ભાવનગરનાં ઉમરાળા તાલુકાના વડોદ ગામની ખેડૂત પરિવારની દિકરીએ સમગ્ર ગુજરાતમાં બીજો નંબર મેળવ્યો છે.

વિદ્યાર્થીનીએ પ્રાથમિક શિક્ષણ મામાના ઘરે અને ઉચ્ચતર શિક્ષણ મોટાબાપુના ઘરે રહી મેળવ્યું હતું. આમ, માતા પિતાથી દૂર રહીને અભ્યાસ માટે સંઘર્ષ કરી સફળતા મેળવી હતી.

ઉમરાળાના વડોદ ગામની દિકરી અંજલીબા શક્તિસિંહ ગોહિલે પ્રાથમિક શિક્ષણ મામાના ગામ રોજીયા (તા. ધ્રોલ) ખાતે રહી મેળવ્યું હતું જયારે ઉચ્ચ શિક્ષણ માટે ભાવનગર મોટાબાપુના ઘરે રહી સ્વામિનારાયણ ગુરૂકુળ નિર્ભય સોસાયટીમાં અભ્યાસ પૂરો કર્યો હતો. તાજેતરમાં પરિણામ જાહેર થતાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર ગુજરાતમાં બીજા નંબરે ઉતીર્ણ થયેલ છે. તેમના માતા નયનાબા ગૃહિણી છે. અને માતા - પિતા બંનેએ માત્ર પ્રાથમિક શિક્ષણ લીધેલું છે પરંતુ અભ્યાસ પ્રત્યેની લગની અને સખત મહેનતથી અંજલીબાએ સમગ્ર ગુજરાતમાં બીજો ક્રમ મેળવી ઉદાહરણ પુરૂં પાડયું હતું.

# 'માં' ના ચરણોમાં જ સ્વર્ગ સમાયેલું છે

ગુજરાતી ભાષામાં એક બહું પ્રખ્યાત કહેવત છે કે "મા તે મા બાકીનાં વગડાનાં વા" માની મમતાનું કોઈ મૂલ્ય હોઈ શકે નહીં. આપણને જન્મ આપી દુનિયા દેખાડનારી મા જ છે. માતાની કલ્પના વગર આ સંસારની કોઈ કિંમત નથી. કહેવાય છે કે "ગોળ વિના મોળો કંસાર અને માતા વિના સૂનો સંસાર" અર્થાત જેમ ગોળ વગરનો કંસાર ફિક્કો લાગે છે અને ગળે ઉતરતો નથી, એવી રીતે માતા વિનાનો આ સંસાર અસાર છે અને સંસારની કોઈ કિંમત હોતી નથી. માતાથી દુર રહેનાર એના પુત્રો માતાને યાદ કરીને ગાય છે કે "ઓ મા તારા દર્શન કરવા મન આકુળ વ્યાકુળ થાય છે, તારી યાદ ઘડી ઘડી આવે છે". મોટા મોટા ઋષિ મુનિઓ, સાધુ સંતો, ધર્મગુરૂઓ અરે ખુદ ભગવાને પણ પૃથ્વી ઉપર અવતરણ કરવા માટે માની કૂખનો સહારો લીધો છે. માંનુ ઋણ તો આપણાં ઉપર એટલું બધું છે કે એ પુરૂં કરતાં સો જન્મ પણ ઓછાં પડી શકે એમ છે અને એથીજ કહેવાયું છે કે" અર્પી દઉં સો જન્મ એટલું મા તુંજ લ્હેણુ ". મતલબ કે માતા, હું તારા ઉપર મારા સો જન્મ કૂરબાન કરીશ તોય તારૂં ઋણ ઉતારી શકીશ નહીં.

માતાની મમતા સામે દુનિયાનાં સારા સુખો, હીરામોતી, ધન, વૈભવ વિગેરે ટાંચા પડે છે. કારણ કે માતાનો પ્યાર અને લાડ દુલાર અમૂલ્ય છે. માતાના નીર હંમેશા મમતાનાં નીર વહાવ્યાં કરે છે. માતા વિષે લખવા બેસીએ તો કિતાબોના પાનાંઓ પણ ઓછાં પડે એમ છે, કેમ કે એનાં પ્યારની ગાથાઓ અનંત છે એનો કોઈ અંત જ નથી. માતા હંમેશા એના સંતાનોનું સુખ અને હિત ઈચ્છતી હોય છે. કહેવાય છે કે "પુત્ર કુપુત્ર થાય, પરંતુ માતા કદી કુમાતા બનતી નથી". કવિ બોટાદકરે લખ્યું છે કે "મીઠાં મધુરને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ".

માતા પોતાના બાળકને નવ માસ સુધી પોતાના ઉદરમાં રાખે છે એથી એનો પોતાના બાળક પ્રત્યેનો લગાવ આપો આપ વધી જાય છે. આ નવ માસ દરમ્યાન માતા જાતજાતની યાતનાઓ વેઠે છે અને બાળકના જન્મ પછી પણ તે બાળકની સેવા સુશ્રુષામાં લાગી જાય છે. માતા બાળક માટે રાતોની રાતો જાગે છે અને દિવસો સુધી ભૂખી રહે છે, પોતે ભીનામાં સૂઈને સંતાનને કોરામાં સૂવડાવે છે. પોતાનું બાળક રડે તો માતાનો જીવ બળે છે. માતા શિક્ષિત કે નિરક્ષર હોય પરંતુ એની માયા, મમતા, લાડ પ્યાર અને દુલાર એકસરખાં જ હોય છે. માતાને ક્ષમાની મૂર્તિ કહેવામાં આવે છે. માતા પોતાનાં બાળકોમાં સંસ્કાર, સંસ્કૃતિ અને ચારિત્ર્યનું ઘડતર કરે છે માટે જ માતા માટે કહેવાય છે કે "એક સુમાતા સો શિક્ષકોની ગરજ સારે છે". મા જ્ઞાનનો ભંડાર છે, અગાઉ જણાવ્યું એ મુજબ માતા માટે તો જેટલું લખીએ એટલું ઓછું છે અને કિતાબોનાં પાનાંઓ પણ ઓછાં પડે એમ છે, છતાં હું છેલ્લે કહીશ કે "જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે" અને એથીજ મા ના ચરણોમાં જ સ્વર્ગનું સુખ સમાયેલું છે. કરણ અર્જુન ફિલ્મની એક કડી રજૂ કરીને મારી કલમને વિરામ આપીશ.

" મમતા કે મંદિર કી હૈ તું સબ સે પ્યારી મૂરત, ભગવાન નજર આતે હૈ, જબ દેખે તેરી સૂરત."



:: લેખક ::
યોગેશભાઈ આર. જોશી

# સ્વ.ટી.એલ. વાળા કન્યા વિદ્યાલયનુ ધો.૧૦ અને ૧૨ નું ઝળહળતું પરિણામ

જૂનાગઢ તા. ૧૩ શ્રી સમસ્ત કાઠી સમાજ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ સંચાલિત સ્વ.ટી.એલ. વાળા કન્યા વિદ્યાલય જૂનાગઢનું ધો.૧૦ નું ૯૪.૮૭ ટકા પરિણામ આવ્યું છે. ઉપરાંત ૯૦ પીઆર ઉપર ત્રણ વિદ્યાર્થીનીએ મેળવેલ છે. જેમાં ગ્રાન્ટેડ શાળાની વિદ્યાર્થીની વાળા ઋષિતા વનરાજભાઈએ ધો.૧૦ માં એ-૧ ગ્રેડ ૯૩.૮૩ ટકા સાથે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જયારે ધો.૧૨ માં ૯૦ પીઆર ઉપર ૧૦ વિદ્યાર્થીનીઓ ઉતિર્ણ થયેલ છે. ધો.૧૨ની વિદ્યાર્થીની ચાવડા ઉમા જોરૂભાઈએ વાણિજય વ્યવસ્થામાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવીને સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું નામ રોશન કરેલ છે. આમ શાળાનું ધો.૧૨ નું કુલ પરિણામ ૯૬.૭૨ ટકા આવેલ છે.

આવું જવલંત પરિણામ આવતા પ્રમુખ રામભાઈ વાળા અને આચાર્ય જયશ્રીબેન કાછડ દ્વારા વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સગર સમાજનું ગૌરવ



જૂનાગઢ તા. ૧૩ માળીયા હાટીના તાલુકાના તરસીંગડા ગામના વતની અને જૂનાગઢમાં રહીને ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા હર્ષ જયેશભાઈ કોદાવાલાએ ધો.૧૨ સાયન્સનું તાજેતરમાં બહાર પડેલ પરિણામમાં ૯૮.૬૦ પીઆર સાથે પાસ થઈને સગર સમાજ તેમજ ગામનું નામ રોશન કરેલ છે. ઝળહળતી સફળતા મેળવવા બદલ અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

## પુનમે ધો-૧૦માં ૯૯.૭૨ પર્સન્ટાઈલ મેળવ્યા

# પાણીપુરીની લારી ચલાવતા પિતાની પુત્રીએ ૯૭ ટકા મેળવ્યા

## એક રૂમ રસોડાના ભાડાના મકાનમાં રહે છે કુશવાહા પરિવાર, પુનમ પોતાના પિતાને વ્યવસાયમાં કરે છે મદદ

અમદાવાદ, તા.૧૩ કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આ કહેવતને પાણીપુરીની લારી ચલાવતા પિતાની પુત્રીએ સાર્થક કરી છે. વડોદરાની પૂનમ કુશવાહએ ધોરણ ૧૦ માં ૯૭ ટકા મેળવીને ઝળહળતી સફળતા હાંસલ કરી છે. આજે ધોરણ ૧૦ નુ પરિણામ જાહેર થયું. તેમાં વડોદરાની પૂનમ કુશવાહે ૯૯.૭૨ પર્સન્ટાઈન અને ૯૬ ટકા માર્કસ મેળવ્યા છે.

આમ સામાન્ય લાગતી આ બાબતમાં મહત્વ ની વાત છે કે પૂનમ કુશવાહ પાણીપુરીની લારી ચલાવતા પ્રકાશ શિયારામ કુશવાહની પુત્રી છે અને તેમના પરિવાર માત્ર ૧૦ બાય ૧૦ ની ઓરડીમાં રહે છે. કુશવાહ પરિવારની બીજા નંબરની દીકરી છે. પૂનમનું કહેવું છે કે, પિતાને મદદ કરવાની સાથે આયોજનપૂર્વકનો અભ્યાસ અને શાળામાં કરાવવામાં આવતી તૈયારી સમયસર કરીને તેને આ સફળતા મળી છે. મારે ડોક્ટર બનીને માતાપિતાની મુશ્કેલીઓ (ગરીબી) દૂર કરવી છે અને તેથી જ મહેનત કરી રહી છું. નાનકડી ઓરડીમાં રહીને પાણીપુરીનો ધંધો કરતા પરિવારની દીકરીની આ સફળતાના કારણે આજે પરિવારમાં ખુશીનો માહોલ છે. પૂનમના પિતા પ્રકાશભાઈ કુશવાહાનું કહેવું છે કે તેને ભણવામાં ધગશ છે. જેના કારણે અમે વધુ મહેનત કરીને તેની જરૂરિયાતો પૂરી કરીએ છીએ. સંતાનોને ભણાવવું એ અમારી જવાબદારી છે. પરંતુ તેની સમજણ અને ધગશે આજે સફળતા અપાવી છે. સાથે શાળા સ્ટાફનો સારો સપોર્ટ મળતા પુનમ સફળ થઈ છે.

સામાન્ય રીતે ગરીબ પરિવારના સંતાનોને આર્થિક મુશ્કેલી નડતી હોય છે. જોકે પુનમના માતા પિતા પૂનમને ભણાવવા માટે મહેનત કરી રહ્યાં છે. ત્યારે નારાયણ વિદ્યાલયના સ્ટાફે આ દીકરીના અભ્યાસ માટે ખાસ મહેનત કરી અને દીકરી હોશિયાર હોવાથી ઝળકી ઉઠી છે તેવું શાળા સંચાલકો માની રહ્યા છે.

સફળતા કોઈ સુવિધાની મોહતાજ નથી હોતી, તે બાબતને પુનમ કુશવાહે સાબિત કરી બતાવી છે. મેડિકલમાં અભ્યાસ કરીને સમાજ સેવાની સાથે સાથે માતાપિતાને સુખ સુવિધાવાળું જીવન આપવાનું સપનું પૂનમ કુશવાહા જોઈ રહી છે.

## અબ્દુને તેના સપનાની છોકરી મળી ગઈ

# દેશના દરેક લોકોના દિલ જીતી લેનાર અબ્દુ ભારતમાં પ્રખ્યાત

## રિયાલિટી શો બિગ બોસ ૧૬માં ખૂબ ધૂમ મચાવનાર અબ્દુ રોજિક સૌના લાડલા અને ચહીતા બની ગયા છે

મુંબઈ, તા.૧૩ રિયાલિટી શો બિગ બોસ ૧૬માં ખૂબ ધૂમ મચાવનાર અબ્દુ રોજિક સહુ કોઈના લાડલા અને ચહીતા બની ગયા છે. તે આજે કોઈ ઓળખાણનો મોહતાજ નથી રહ્યો. દેશના દરેક લોકોના દિલ જીતનાર અબ્દુ ભારતભરમાં પ્રખ્યાત થઈ ગયો. સલમાન ખાન સહિત સમગ્ર બોલિવૂડમાં તેના ફેનફોલોઈંગસ છે. ૩ ફૂટ ઉંચા અબ્દુ રોજિકે શો દરમિયાન કહ્યું હતું કે, હું ઈચ્છુ છું કે, એવુ કોઈ મારા જીવનમાં આવે જેની સાથે હું લગ્ન કરી શકું. હવે અબ્દુનું સપનું પૂરું થવા જઈ રહ્યું છે, અબ્દુને તેના સપનાની છોકરી મળી ગઈ છે. અબ્દુ રોજિકે પોતે આ વિશે જણાવ્યું છે અને પોતાના લગ્નની તારીખ પણ જણાવી છે

અબ્દુ રોજિકે પોતાની નિર્દોષતાથી સૌના દિલ જીતી લીધા. દરેક વ્યક્તિ તેના ગીતોના પ્રેમમાં પડી ગયો. હવે અબ્દુએ તેના ચાહકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે કે તે લગ્ન કરવા જઈ રહ્યો છે. અબ્દુ રોજિકે એક વીડિયો શેર કર્યો છે જેના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારા જીવનમાં કોઈ આવશે. હું પોતાને ખૂબ નસીબદાર માનું છું કે, મને મારો પ્રેમ મળ્યો છે. જે મને માન આપે છે અને મારી સંભાળ રાખે છે. તે અને હું ૭ જુલાઈએ લગ્ન કરી રહ્યા છીએ અને હું તમને જણાવી શકતો નથી કે હું કેટલો ખુશ છું.

આ વીડિયોમાં અબ્દુલે રિંગ પણ તેના ફેન્સને બતાવી અને કહ્યું કે, તે ૭ જુલાઈના રોજ નિગાહ કરશે. અબ્દુ રોજિક ૭મી જુલાઈએ યુએઈમાં તે યુવતી સાથે લગ્ન કરશે. રિપોર્ટ્સ અનુસાર, યુવતીનું નામ અમીરા છે અને આ સિવાય તેના વિશે હજુ સુધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અબ્દુ રોજિકની ફેન ફોલોઈંગ માત્ર યુએઈમાં જ નથી પરંતુ ભારતમાં પણ તેના ઘણા ફોલોઅર્સ છે અને તેના લગ્નના સમાચારથી દરેક વ્યક્તિ ખુશ છે.

# રિષભ પંત એક મેચ માટે સસ્પેન્ડ, ફટકાર્યો લાખોનો દંડ

નવી દિલ્હી, તા.૧૩ એક તરફ પ્લેઓફની ટિકિટ દાવ પર લાગી છે તો બીજીતરફ દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંત પર આઈપીએલ આચાર સંહિતાના ઉલ્લંઘન માટે દંડ ફટકારવામાં આવ્યો છે. પંતને એક માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

આ રીતે તે આગામી મેચમાં દિલ્હી કેપિટલ્સ માટે રમી શકશે નહીં. તેની ટીમે ૭ મે ૨૦૨૪ના અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હીમાં રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ મેચમાં ઓવર ટાઈમ પર પૂરી કરી નહોતી.

આ સ્લો ઓવર રેટ અપરાધોથી સંબંધિત આઈપીએલની આચાર સંહિતા હેઠળ તેની ટીમનો સીઝનમાં ત્રીજો ગુનો હતો તેથી રિષભ પંત પર ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો અને એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ઈમ્પેક્ટ પ્લેયર સહિત પ્લેઈંગ ઈલેવનના બાકી સભ્યો પર વ્યક્તિગત રૂપે ૧૨ લાખ રૂપિયા કે તેની સંબંધિત મેચ ફીના ૫૦ ટકા (જે ઓછું હોય તે) નો દંડ ફટકારવામાં આવ્યો છે.

આઈપીએલ આચાર સંહિતાના અનુચ્છેડ ૮ અનુસાર દિલ્હી કેપિટલ્સે મેચ રેફરીના નિર્ણયને પડકારતા અપીલ દાખલ કરી હતી. ત્યારબાદ અપીલને સમીક્ષા માટે બીસીસીઆઈ લોકપાલની પાસે મોકલવામાં આવી હતી. લોકપાલે વર્ચ્યુઅલ સુનાવણી કરી અને પુષ્ટિ કરી કે મેચ રેફરીનો નિર્ણય યોગ્ય છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હી કેપિટલ્સ હાલમાં ૧૨ મેચમાં ૬ જીત સાથે ૧૨ પોઈન્ટ મેળવી ટેબલમાં પાંચમાં સ્થાને છે. લીગમાં તેની બે મેચ બાકી છે, અને તે હજુ પ્લેઓફ માટે ક્વોલીફાઈ કરી શકી નથી. તેણે પોતાની બે મેચ ૧૨ મેએ આરસીબી અને ૧૪ મેએ લખનૌ સામે રમવાની છે. દિલ્હીએ પ્લેઓફની આશા જીવંત રાખવા માટે આ બંને મેચ જીતવી જરૂરી છે. એક હાર દિલ્હીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી શકે છે.



આવી કાળઝાળ ગરમીમાં એકાદ વિદેશ પ્રવાસ ખેડી નાખશું.?



વેકેશનમાં કયાંય ફરવા જવાની વાત કરીએ તો તમે સીધા ઈન્કમટેક્ષના જ બહાના બતાવો છો.!



ઉનાળાની ગરમીના બહાને પતિ સાથે ઝઘડો કરી લેવાનું રાખ, આનંદ રહેશે.!

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચૂંટણી ટાણે ધાર્મિક મુદ્દે ઉશ્કેરણીજનક રિપોર્ટ

આ હવે જાણે એક રિવાજ બની ગયો છે કે અમેરિકી સરકારનો એક વિભાગ દર વર્ષે દુનિયાના વિભિન્ન દેશોમાં ધાર્મિક આઝાદી પર એક રિપોર્ટ બહાર પાડે છે અને તેમાં ભારતની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરે છે! જવાબમાં ભારત તેને જડબાતોડ જવાબ આપે છે અને તેની ખામીઓ ગણાવે છે. આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા સંબંધી અમેરિકી આયોગ (યુએસસીઆઈઆરએફ)નો આ વર્ષનો રિપોર્ટ આવી ગયો છે. તેમાં ભારતને એ ૧૭ દેશોની યાદીમાં મૂકવામાં આવ્યું છે, જેમને ધાર્મિક આઝાદીના કથિત ઉલ્લંઘનને કારણે ખાસ ચિંતાવાળા દેશ તરીકે ચિહ્નિત કર્યા છે. સ્વાભાવિક છે કે ભારતના સંદર્ભમાં આ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયામાં કેટલીક ભૂલો ગણાવવામાં આવે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પ્રેસ કોન્ફરન્સમાં એ જ કર્યુ. તેમણે શબ્દો ચોર્યા વિના કહ્યુ કે અમેરિકી આયોગ રાજકીય એજન્ડા અંતર્ગત પક્ષપાત કરવા માટે કુખ્યાત છે. જયસ્વાલે કહ્યુ કે આ રાજકીય એજન્ડાવાળી એક પક્ષપાતી સંસ્થા તરીકે ઓળખાય છે. આ કારણે તેમને આ મામલે અમેરિકી કમિશન પાસે કોઈ આશા નથી કે તે ભારતની વિવિધતા અને લોકતાંત્રિક મૂલ્યોને સમજવાની કોશિશ કરશે. જયસ્વાલે ભારતમાં ચૂંટણીઓ સમયે જ આવો રિપોર્ટ જારી કરવા પાછળની વિશેષ દાનત પણ સવાલ ઉઠાવ્યા. તેમણે સ્પષ્ટ કહ્યુ કે આ રિપોર્ટ દ્વારા દુનિયાની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાની કોશિશ ક્યારેય સફળ નહીં થાય. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સ્પષ્ટ કહ્યું કે અમેરિકી આયોગમાં બેઠેલા લોકો આ રિપોર્ટના બહાને ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર કરતા રહે છે.

અમેરિકી આયોગના રિપોર્ટમાં ભાજપ પર 'ભેદભાવપૂર્ણ રાષ્ટ્રવાદી નીતિઓને આગળ વધારવા'નો આરોપ લગાવવામાં આવ્યો છે. તેણે કહ્યુ કે ભાજપ સંપૂર્ણ પક્ષપાતી છે અને આ દેશની વિવિધતા, બહુલતાવાદી અને લોકતાંત્રિક લોકાચારને સમજવાની આશા પણ નથી કરતી. જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, 'અમને વાસ્તવમાં કોઈ આશા નથી અને યુએસસીઆઈઆરએફ ભારતના વિવિધ, બહુલતાવાદી અને લોકતાંત્રિક ચરિત્રને સમજવાની કોશિશ પણ કરશે.'

અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગે પોતાના રિપોર્ટમાં આરોપ લગાવ્યો હતો કે ગયા વર્ષે ભારત સરકાર સાંપ્રદાયિક હિંસાને રોકવામાં નિષ્ફળ રહી. રિપોર્ટમાં કહેવાયું છે કે ૨૦૨૩માં ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ વધુ ખરાબ થઈ. ભાજપ નેતૃત્વવાળી સરકારે ભેદભાવપૂર્ણ રાષ્ટ્રવાદી નીતિઓને મજબૂત કરી, ઘૃણાસ્પદ નિવેદનોને ઉત્તેજન આપ્યું અને સાંપ્રદાયિક હિંસાને સંબોધિત કરવામાં નિષ્ફળ રહી, જેનાથી મુસ્લિમ, ઈસાઇ, શીખ, દલિત, યહુદી અને આદિવાસી અસમાન રૂપે પ્રભાવિત થયા. ગેરકાનૂની ગતિવિધિ રોકથામ અધિનિયમ (યુએપીએ), વિદેશી યોગદાન વિનિમયન અધિનિયમ (એફસીઆરએ), નાગરિકતા સંશોધન અધિનિયમ (સીએએ) અને ધર્માંતરણ અને ગોહત્યા વિરોધી કાયદા સતત લાગુ થવાને કારણે ધાર્મિક અલ્પસંખ્યકો અને તેમના તરફથી વકીલાત કરનારાઓને મનમાફક રીતે અટકાયતમાં લેવાયા.

રિપોર્ટમાં આગળ કહેવાયું છે - 'ધાર્મિક અલ્પસંખ્યકો પર રિપોર્ટિંગ કરનારા મીડિયા સંસ્થાઓ અને બિનસરકારી સંગઠન (એનજીઓ)ને એફસીઆરએ નિયમો અંતર્ગત સખત નિરીક્ષણને આધીન કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૩માં ભારતના ગૃહ મંત્રાલયે એનજીઓ સેન્ટર ફોર પોલિસી રિસર્ચના એફસીઆરએ લાયસન્સને બરતરફ કરી દીધાં હતાં. આ રીતે અધિકારીઓએ ૨૦૦૨ના ગુજરાત રમખાણો વિરુદ્ધ મુસ્લિમ વિરોધી હિંસા પર રિપોર્ટિંગ કરવા બદલ તીસ્તા સેતલવાડ સહિત ન્યૂઝક્લિકના પત્રકારોના કાર્યાલયો અને ઘરો પર છાપા માર્યા.'

અહીં અમેરિકી આયોગની બદદાનત સમજી લેવા જેવી છે. પ્રવાસી ભારતીયોના એક થિંક ટેંક ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયાસ્પોરા સ્ટડીઝે આ આરોપોનો જવાબ આપ્યો. સંસ્થાએ કહ્યુ, '૨૦૨૩માં ભારતમાં કોઈ મોટું હિંદુ-મુસ્લિમ તોફાન નથી થયું. તેને રમખાણોથી મુક્ત વર્ષ માનવાને બદલે રિપોર્ટમાં છૂટક ઘટનાઓને એવી રીતે રજૂ કરવામાં આવી જાણે આખા દેશમાં આવી ઘટનાઓ સામાન્ય છે. રિપોર્ટ તૈયાર કરતી વખતે એ પણ વિચારવામાં ન આવ્યંકે ભારતમાં આટલી મોટી મુસ્લિમ આબાદી છે. થિંક ટેંકના નીતિ અને રણનીતિ પ્રમુખ ખંડેરાવ કાંડે કહ્યુ કે અમેરિકી આયોગનો રિપોર્ટ 'તથ્યોને છૂપાવવા, આંશિક આંકડાનો ઉપયોગ કરવા, સંદર્ભ છૂપાવવા, અલગ-અલગ ઘટનાઓને સામાન્ય બનાવવા તથા દેશના કાયદાના ક્રિયાન્વયન પર સવાલ ઉઠાવવા' પર આધારિત છે. તેમણે કહ્યુ, 'રિપોર્ટમાં આંશિક અને પૃથક ઘટનાઓનો ઉપયોગ કરીને ૧.૪ અબજની આબાદીવાળા વિશ્વના સૌથી મોટા લોકતંત્રને ખોટી રીતે પ્રચારિત કરાય છે. જટિલ અને હિંસક ભૂતકાળની પૃષ્ઠભૂમિ વિરુદ્ધ સકારાત્મક હાલના વલણોને ઈંગિત કરવાનો અવસર ગુમાવી દીધો છે.' તેમણે કહ્યું, 'આ ઉપરાંત, એફએટીએફ અંતર્ગત ભારતનું મૂલ્યાંકન કરવાની ભલામણ અત્યધિક શંકાસ્પદ છે, ખાસ કરીને ત્યારે જ્યારે ભારત ખુદ આતંકવાદનું નિશાન રહ્યં છે.'

થિંક ટેંકે વિશ્લેષણે નિષ્કર્ષ કાઢ્યો કે મણિપુરમાં રમખાણો આંતર-જનજાતીય હતા, જે ડ્રગ માફિયાઓ અને મ્યાંમારના ઘૂસણખોરો દ્વારા શોષણ કરવામાં આવેલ ઐતિહાસિક હરીફાઈનું પરિણામ હતા, તથા તેનો પ્રભાવ તમામ ધર્મો પર પડ્યા. સંસ્થાના વિશ્લેષક મોહન સોંતીએ કહ્યું, 'યુએસસીઆઈઆરએફે માત્ર ઈસાઈઓને જ નિશાનો બનાવ્યા છે. તે ઉપરાંત, અમે તેની તુલના બોમ્બેના આર્કબિશપની સ્થિતિ સાથે કરી છે. રિપોર્ટમાં વિદેશી અંશદાન વિનિમયન અધિનિયમ (એફસીઆરએ)ને લાગુ કરવા માટે ભારતને ખોટી રીતે જવાબદાર ઠેરવવામાં આવ્યું છે, જેનાથી વિદેશી ધનના ગેરકાયદે અને અયોગ્ય ઉપયોગને રોકી શકાય. એનજીઓ રિપોર્ટિંગ અને ઉપયોગ કાનૂનોનું પાલન કેમ નથી કરતા?

તેમણે એમ પણ કહ્યું કે યુએસસીઆઈઆરએફના રિપોર્ટમાં ભારતની ધાર્મિક સ્વતંત્રતાની બંધારણીય ગેરંટીનો ઉલ્લેખ નથી કર્યો, જેમાં બળપૂર્વક, છેતરપિંડીથી અને જબરદસ્તી ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ છે. તેમણે કહ્યું કે તેને બદલે તેણે ભલાભોળા, વંચિત લોકોને બચાવવા માટે કાયદાના પ્રવર્તન વિશે ફરિયાદ કરી. સંગઠને નિવેદન જારી કર્યુ કે થિંક ટેંક ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને અમેરિકાના એક મજબૂત સહયોગી વિરુદ્ધ કોઈપણ પ્રભાવ કે એજન્ડા વિશે શંકા અને સવાલ ઉઠાવે છે. ૨૦૨૧માં અમેરિકા-ભારત સંબંધોની પરિણામની પ્રકૃતિને ધ્યાનમાં રાખતાં થિંક ટેંક ભલામણ કરે છે કે અમેરિકી વિદેશ વિભાગને યુએસસીઆઈઆરએફની ભલામણોનું સાવધાનીપૂર્વક મૂલ્યાંકન કરવું જોઈએ અને તેને નકારી દેવી જોઈએ.

ધાર્મિક સ્વતંત્રતા પર અમેરિકી આયોગના રિપોર્ટમાં કેટલીય કથિત ખામીઓ છે. જેમાં ખોટી માહિતી અને પૂર્વગ્રહ, સંદર્ભની ઉણપ, પદ્ઘતિગત ખામીઓ, અવાંછિત હસ્તક્ષેપ વગેરે છે. એકંદરે અમેરિકાએ પોતાને ત્યાં માનવાધિકારના મુદ્દાઓ પણ જોવાની જરૂર છે, જેથી તે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં પોતાની સાખ મજબૂત કરી શકે. એવું કરવાથી અન્ય દેશોની તેની ટીકાઓમાં દમ દેખાશે. ત્યારે એ વિશ્વાસ પણ કમજોર પડશે કે પશ્ચિમી દેશ પોતાની જ સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માપદંડોને દુનિયાભરમાં લાગુ કરવા માગે છે. એવું થયું તો દુનિયા ખુદ માનવાધિકારના મુદ્દા પર પોતપોતાના અંદર જોવાનું પસંદ કરશે, જેનાથી વધુ ન્યાયસંગત અને સન્માનજનક આંતરરાષ્ટ્રીય વિમર્શને ઉત્તેજન મળશે. ત્યારે અમેરિકાએ ચૌધરી બનવાની જરૂર નહીં રહે અને માનવાધિકાર અને ધાર્મિક સ્વતંત્રતાને મજબૂતી આપવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો વધુ સહયોગી ભાવનાથી પ્રેરિત થશે, નહીં કે તકરારનું કારણ બનશે.


### સાંકડા રસ્તા પર ફસાયા હજારો ભક્તો

# ચાર ધામ યાત્રાની શરૂઆત સાથે જ યાત્રાધામો ઉપર ભારે ભીડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

દેહરાદૂન, તા.૧૩

ચાર ધામ યાત્રાની શરૂઆત સાથે જ યાત્રાધામો પર ભારે ભીડ જોવા મળી રહી છે. ભીડ વ્યવસ્થાપનને લઈને ઉત્તરાખંડની પુષ્કર સિંહ ધામી સરકારની તૈયારીઓ પર સવાલો ઉભા થઈ રહ્યા છે. હકીકતમાં પહેલા જ દિવસે ૧૨ હજારથી વધુ લોકો યમુનોત્રી ધામ પહોંચ્યા હતા અને ભીડના જે દ્રશ્યો સર્જાયા હતા તે પછી પ્રશ્નોની હારમાળા શરૂ થઈ ગઈ. યમુનોત્રી ધામ ખાતે ભારે ભીડ ઉમટી પડતાં જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. લોકો ન તો આગળ વધી શકતા હતા કે ન તો પાછા જઈ શકતા હતા. આવી સ્થિતિમાં શ્રદ્ધાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘોડા અને ખચ્ચર સવારો પ્રથમ દિવસે પણ પોતપોતાના સ્થળે પહોંચી શક્યા ન હતા.




## ભીડ વ્યવસ્થાપનને લઈને ઉત્તરાખંડની પુષ્કર સિંહ ધામી સરકારની તૈયારીઓ પર સવાલો ઉભા થઈ રહ્યા છે

પાલખીના ચાલકોને પણ કોઈ મદદ મળી ન હતી. ચારધામ યાત્રામાં ભારે ભીડને જોતા પર્યાવરણવાદીઓ ચિંતિત જણાય છે. આ દરમિયાન ધામી સરકારમાં મંત્રી સતપાલ મહારાજે ચાર ધામ યાત્રા માટે આવતા ભક્તોને લઈને સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે ભક્તોએ સરકારની સૂચનાઓનું પાલન કરવું જોઈએ. આ ઉપરાંત તેમણે અધિકારીઓને 'અતિથિ દેવો ભવ'ની પરંપરાનું વિશેષ ધ્યાન રાખવાની કડક સૂચના પણ આપી છે.

અક્ષય તૃતીયાના દિવસે શુક્રવારે યમુનોત્રી મંદિરના કપાટ દેશ-વિદેશના ભક્તોના દર્શન માટે ખોલવામાં આવ્યા હતા. શુક્રવારે વહેલી સવારે માતા યમુનાની ઉત્સવની ડોલી તેમના ભાઈ શનિદેવના નેતૃત્વમાં શિયાળુ રોકાણ ખરસાલી, ખુશી મઠથી યમુનોત્રી ધામ પહોંચી હતી. રોહિણી નક્ષત્રના સમયે મંદિરના દ્વાર સવારે ૧૦:૨૯ કલાકે શ્રદ્ધાળુઓની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર અને અનુષ્ઠાન સાથે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પછી યમુનોત્રી ધામમાં ભક્તોની ભીડ જામી હતી. પ્રથમ દિવસે જ કુલ ૧૨,૯૧૩ ભક્તોએ દર્શન કર્યા હતા. ભક્તોની ભારે ભીડને કારણે યમુનોત્રી હાઈવે પર જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. વૃદ્ધ યાત્રાળુઓને લઈ જતા ડોલી વાહકો પણ કાંઠે બેઠેલા જોવા મળ્યા હતા. તેમનું કહેવું છે કે બે-ત્રણ દિવસ ભીડ આમ જ રહેશે. આ પછી જ લોકો અને ડોલીને અવરજવર કરવા માટે જગ્યા મળી શકશે. પ્રથમ દિવસે કુલ ૪૬,૪૨૬ ભક્તો તીન ધામમાં દર્શન માટે પહોંચ્યા હતા. કેદારનાથ ધામના દરવાજા ખુલ્યા બાદ મહત્તમ ૨૯,૦૩૦ ભક્તોએ બાબા કેદારના દર્શન કર્યા હતા. જ્યારે ગંગોત્રી ધામ પહોંચેલા ભક્તોની સંખ્યા ૫૨૦૩ હતી.

ધામી સરકારના પ્રવાસન મંત્રી સતપાલ મહારાજે ચાર ધામ યાત્રા માટે આવનારા શ્રદ્ધાળુઓને સૂચનાઓ જારી કરી છે. તેમણે કહ્યું કે ચાર ધામ યાત્રા માટે આવતા યાત્રિકોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે જારી કરાયેલ હવામાન માહિતી અને સલાહને અનુસરીને જ મુસાફરી કરો. તેમણે કહ્યું કે પ્રવાસીઓ અને યાત્રાળુઓની લાંબી કતારો ટાળવા માટે ટોકન અને સ્લોટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પ્રવાસન વિભાગે ચાર ધામ યાત્રા પર આવતા મુસાફરો અને વાહનોની સુરક્ષા અને દેખરેખ માટે પ્રવાસી સુરક્ષા વ્યવસ્થાપન સિસ્ટમની વ્યવસ્થા કરી છે.

### મહેસાણા, પાલનપુર, આબુરોડથી પસાર થશે

# મધ્ય ગુજરાતથી ચાલશે હરિદ્વારની સમર સ્પેશિયલ ટ્રેન

## બાળકોના વેકેશનને લઈને રેલવે વિભાગે ટ્રેન શરૂ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૩

મુસાફરોની માગ અને સુવિધાને અને બાળકોના વેકેશનને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ સાબરમતી અને હરિદ્વાર વચ્ચે ખાસ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. મુસાફરોની માગ અને સુવિધાને અને બાળકોના વેકેશનને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ સાબરમતી અને હરિદ્વાર વચ્ચે ખાસ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૨૬ હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ હરિદ્વારથી ૧૫,૧૮,૨૧ અને ૨૪ મે ૨૦૨૪ના રોજ ૨૧:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૧:૩૦ કલાકે સાબરમતી પહોંચશે. રૂટ પર બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, જવાઈ ડેમ, ફાલના, રાની, મારવાડ, અજમેર, કિશનગઢ, ફુલેરા, રિંગાસ, નીમ કા થાણા, નારનૌલ, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હીથી પસાર થાય છે. ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂરકી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૨૫નું બુકિંગ ૧૧ મે ૨૦૨૪થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેન આખા રુટ દરમિયાન ૨૨ જેટલા સ્ટેશનો પરથી પસાર થાય છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૧૩-૦૫-૨૦૨૪ થી ૧૯-૦૫-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી પર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂં વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યું હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સમાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બને. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણને કારણે તકલીફ ઊભી થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાનો કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હ્રદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી. તબિયત સંભાળવી હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુ:ખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુ:ખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુપક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુ:ખ કે મતભેદ હોય તો નિવારણ થાય. મોજ-શોખ તરફ આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. ગેર સમજના ભોગ ન બનો તેની સાવચેતી રાખવી જરૂરી બને. એકંદરે આ સપ્તાહ મધ્યમફળ આપનારું રહે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૬ ચંદન છઠ્ઠ તા.૧૩ મે ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૪, પૂનર્વસુ નક્ષત્ર, શૂળ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૧૨, સૂ.અ.૭:૨૩

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# રાજયમાં કાળઝાળ ગરમીની માર વચ્ચે આગામી છ દિવસ અનેક સ્થળોએ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજયમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં પડી રહી છે. તો રાજયના મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં ૪૩ ડિગ્રી તો અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જોકે, ગુજરાતના વાતાવરણમાં જોરદાર મોટો પલટો આવવાનો છે. ભર ઉનાળે વાદળો બંધાશે અને વરસાદ આવશે. ગુજરાતમાં આંધી અને તોફાન સાથે વરસાદ આવશે તેવી આગાહી કરવામાં આવી છે. દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની આગાહી છે. જયારે ૧૪ મેના રોજ ઉત્તર અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૪ મે સુધીમાં દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતની સાથે સાથે મધ્ય ગુજરાતમાં પણ વરસાદ આવી શકે છે. વરસાદની આગાહી છતાં ગુજરાતને હાલ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. આગામી ચાર દિવસ સુધી આવી જ ગરમીનો સામનો કરવો પડશે. ૧૪ મીએ અરવલ્લી, દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે. જો કે, છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ રહ્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમન થયુ હતું. જેથી આ વિસ્તારના લોકોને કાળઝાળ ગરમીથી થોડી રાહત મળી હતી. આ જિલ્લામાં વાતાવરણમા પલટો આવતા ઠંડક પ્રસરી હતી. અંબાલાલ પટેલની આગાહી મુજબ ૧૪ મે સુધીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આંધી વંટોળ સાથે વરસાદ વરસી શકે છે. નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણમાં જયારે સાબરકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર, અમરેલી અને ભાવનગરમાં તો ૧૫મીએ દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ પવન ફુંકાવાની શકયતા છે. તો બીજી તરફ બે દિવસ બાદ ૩૦થી ૪૦ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફુંકાવાની શકયતા છે. હાલ ગુજરાત નજીક ચાર સીસ્ટમ સક્રિય છે. જેને પગલે આગામી દિવસોમાં વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

# આંગડીયા પેઢીના હવાલા ટ્રાન્જેકશન મામલે તપાસમાં આઈટી અને ઈડી પણ જોડાયા

અમદાવાદ તા.૧૩

રાજયમાં લોકસભાની ચુંટણી પુર્ણ થયા બાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા રાજયભરની ૨૫ આંગડીયા પેઢીમાં થયેલા સર્ચ અને રેડ દરમ્યાન કરોડો રૂપિયાના હવાલા અને ટ્રાન્જેકશનની વિગતો સામે આવી રહી છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવેલી રેડ અને પકડેલા દસ્તાવેજ અને રોકડ રકમની વિગતો એટલી બધી મોટી હતીકે હવે આ તપાસમાં ઈડી અને ઈન્કમટેક્ષ પણ જોડાયું છે. સમગ્ર મામલે એવું કહેવાયું છે કે હાલ આઈપીએલ મેચ અને અન્ય ઓનલાઈન ગ્રામ માટે થયેલા સટ્ટાના ટ્રાન્જેકશનના હવાલાની વિગતો પણ સામે આવી છે અને જેના માટે ભારતમાંથી કેટલીક રકમ દુબઈ અને અન્ય જગ્યાએ મોકલાઈ હોવાનું પણ બહાર આવ્યું છે. બીજી તરફ આચારસંહિતા દરમ્યાન પણ રાજયભરની કેટલીક આંગડીયા પેઢી દ્વારા ટ્રાન્જેકશન ચાલુ રાખવામાં આવ્યા હતા જેની વિગતો એજન્સી પાસે હતી અને તેનું સતત મોનિટરીંગ કરી રહી હતી. આ દરમ્યાન મહત્વની કડી સામે આવતા હવે હવાલા સાથે ક્રિકેટ સટ્ટાના અનેક તાર કનેકટ થાય તેવી શકયતા છે. રાજયની ૨૫ આંગડીયા પેઢીમાં સીઆઈડી ક્રાઈમના દરોડા મામલે અત્યાર સુધીમાં સીઆઈડી ક્રાઈમે ૧૫ કરોડની રોકડ અને સોનુ કબ્જે કર્યુ છે. સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલ દ્વારા આઈટીને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ નાણાં હવાલા મારફતે દુબઈ જતા હોવાની વિગત પણ સામે આવી છે. સીઆઈડી ક્રાઈમની તપાસમાં ૨૦૦ કરોડોના હવાલા પાડયા હોવાની શકયતા છે. નાણાંકીય વ્યવહાર ક્રિકેટ સટ્ટા માટે અને વિદેશી કરન્સી પણ ટ્રાન્સફર કરાઈ હોવાની વિગત જાણવા મળી રહી છે. રાજયભરમાં આંગડીયા પેઢી ઉપર દરોડાની કાર્યવાહી ચાલુ છે. સીઆઈડી ક્રાઈમ અને સેન્ટ્રલ એજન્સીએ રાજયભરમાં ૨૫ જગ્યા ઉપર ૪૦ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ તપાસમાં સીઆઈડી ક્રાઈમ, આઈટી અને ઈડી પણ જોડાઈ છે. આ રેડ દરમ્યાન મોબાઈલ, કોમ્પ્યુટર અને લેપટોપ જપ્ત કરવામાં આવ્યા છે. તપાસ દરમ્યાન આરટીજીએસ દ્વારા ગેરકાયદેસર નાણા ટ્રાન્સફર કર્યા હોવાનું સામે આવ્યું છે. ૭૫ લાખનું વિદેશી ચલણ અને સોનુ પણ જપ્ત કરવામાં આવ્યું હોવાની વિગત સામે આવી રહી છે.

મળતી માહિતી મુજબ પીએમ આંગડિયા પેઢીમાંથી ૮ કરોડ રોકડા જપ્ત કરવામાં આવ્યા છે. તેની સાથે એચએમ આંગડિયા પેઢીમાંથી ૨ કરોડ જપ્ત કરવામાં આવ્યા છે. હાલ સીઆઈડી ક્રાઈમ, આઈટી વિભાગ અને ઈડી તપાસ કરી રહી છે. તપાસ દરમ્યાન હવે ક્રિકેટ સટ્ટા અને ઓનલાઈન ગેમ માટે હવાલા પાડયા હોવાની શકયતા છે.

# ● થાક : લક્ષણ એક રોગ અનેક ●

થાક લાગવો એક સામાન્ય લક્ષણ છે. પરંતુ એને અવગણવાની ભુલ આપણે ન કરવી જોઈએ. ઘણીવાર રૂટીન બદલાઈ જાય. રોજીંદા કામ કરતા ઘણું વધારે કામ થઈ જાય. ટ્રાવેલીંગ વધી જાય ત્યારે માણસ થાકી જાય એ વાત જુદી છે. પરંતુ ઘણી એવી વ્યકિતઓ છે જે લગભગ થાકેલી જ જોવા મળે છે અથવા તો થોડુંક કામ વધી જાય તો તરત જ થાકી જાય છે. કયારેક કોઈ એવી વ્યકિત પણ હોય છે જે વગર કોઈ કારણે થાક અનુભવતી હોય છે. આ બધી જ પરીસ્થિતિઓ સુચવે છે કે શરીરમાં કોઈ પ્રોબ્લેમ છે. આપણે સમજયું કે થાક એક પ્રાથમીક લક્ષણ છે. શરીરના કોઈ પણ ભાગમાં કોઈ પણ પ્રકારનો પ્રોબ્લેમ સર્જાય ત્યારે શરીરને એ ઠીક કરવા માટે વધુ કાર્યરત થવું પડે છે. જેને લીધે આપણને થાક લાગે છે. વગર કારણનો થાક કે પછી આરામ કરવા છતા ન ઉતરતો થાક ખતરાનું નિશાન છે અને સુચક છે કે તમને જરૂર છે મેડિકલ હેલ્પની. આજે આપણે વિસ્તારથી જાણીશું કે કયા કયા રોગોનું પ્રાથમીક લક્ષણ થાક હોઈ શકે છે અને એ માટે શું કરવું જોઈએ.

### ઓબેસિટી

ઘણી વ્યકિતઓ એવી હોય છે જે ફરીયાદ કરે છે કે પહેલાં જેટલું કામ થતું હતું એટલું કામ હવે થતું નથી. પહેલાં તો હું ૪ કિલોમીટર ચાલી નાખતો. પરંતુ હવે ૧ કિલોમીટરમાં થાકી જવાય છે. આ ફરીયાદો પાછળનું કારણ ઓબેસિટી હોઈ શકે છે. એ વિશે સમજાવતા ડોકટરનું કહેવું છે કે ઘણા લોકોનું અચાનક જ વજન વધી જાય એ વાતને ગણકારતા નથી. પરંતુ જો તમને થાક લાગવાની શરૂઆત થઈ જાય તો સમજવું કે આ વજન તમારી કાર્યક્ષમતા ઉપર અસર કરી રહ્યું છે અને સમય આવી ગયો છે કે વજન માટે તમે સિરિયસ બનો.

### હાર્ટને લગતા પ્રોબ્લેમ

થાક અને હાર્ટને પણ ઘણો સબંધ છે. હાર્ટની નળીઓમાં બ્લોકેજ હોય કે જન્મજાત હાર્ટની ખામી, કોઈ પણ પ્રકારના હાર્ટને સબંધીત પ્રોબ્લેમનું પ્રાથમીક લક્ષણ થાક હોય છે. એ વિશે સમજાવતા ડોકટર કહે છે હાર્ટ ધબકતું રહીને આખા શરીરને લોહી પહોંચાડવાનું કામ કરે છે. એમાં કોઈપણ પ્રકારની ખામી હોય ત્યારે શરીરના અમુક ભાગોને લોહી અધુરૂ પહોંચે છે અને એથી જ પહેલું લક્ષણ થાક દેખાવા લાગે છે. કોઈપણ મહેનત વિના જો વ્યકિત વારંવાર થાકી જતી હોય તો તેણે જરૂરી ટેસ્ટ કરાવી હાર્ટની તપાસ કરાવવી જોઈએ. જેનાથી હાર્ટને થતુ ડેમેજ અટકાવી શકાય.

### કુપોષણ

ભારતમાં લગભગ ૫૦ ટકા બાળકો કુપોષણનો શિકાર હોય છે. શરીરને ખોરાકમાંથી જરૂરી પોષણ ન મળતું હોય અથવા પાચનક્રિયામાં કોઈ પ્રોબ્લેમ હોય જેને કારણે યોગ્ય ખોરાક ખાવા છતા શરીરમાં પોષણની કમી સર્જાય ત્યારે થાક લાગવા માંડે છે. અવારનવાર થાકી જતા બાળકો થાકને કારણે વધુ ઉંઘતા બાળકો કુપોષણનો શિકાર બને છે. એ ઉપરાંત આજકાલ નાના મોટા બધામાં વિટામીન બી-૧૨ની કમી વધારે જોવા મળી રહી છે.

# ઈઝરાયેલે તાજેતરના વર્ષોમાં પેલેસ્ટીની ઘરોને સૌથી મોટી સંખ્યામાં ધ્વસ્ત કર્યા છે : નેગેવ



ગાઝા, તા.૧૩

પોલીસ દળો દ્વારા રક્ષિત, ઈઝરાયેલી બુલડોઝરે તાજેતરમાં દક્ષિણ નેગેવ પ્રદેશમાં ૪૭ બેદુઈન ઘરોનો નાશ કર્યો, જે વર્ષોમાં કરવામાં આવેલ સૌથી મોટો ધ્વંસ હતો. ઉમ્મ બુટીન ગામ નજીકના ધ્વંસમાં એક જ પરિવારના સભ્યો, અબુ અસાસના ઘરોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં સેંકડો લોકો બેઘર થઈ ગયા હતા.

ઈઝરાયેલી સત્તાવાળાઓએ એ બહાના હેઠળ વિધ્વંસ હાથ ધર્યું હતું કે, પાડ્યું હતું કે બાંધકામો પાસે યોગ્ય બાંધકામની પરવાનગી નથી, જે ભાગ્યે જ નેગેવ રણમાં પેલેસ્ટીની બેદુઈન્સને આપવામાં આવે છે, જેને અરબીમાં નિકાબ તરીકે ઓળખવામાં આવે છે. અબુ આસા પરિવારના ઘણા સભ્યોએ ઈઝરાયેલીઓની વિધ્વંસ કામગીરી જોવાને બદલે તેમના ઘરોને બાળી નાખવાનું નક્કી કર્યું. એક પેલેસ્ટીની અહેમદ અબુ આસાએ બુલડોઝરને રોકવાનો પ્રયત્ન કર્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. ખેડૂત અને કૃષિ અધ્યયનના સંશોધક કૈદ અબુ લતીફે જણાવ્યું હતું કે, વિધ્વંસનો આદેશ આઘાતજનક હતો, ખાસ કરીને તે જોતાં કે આ વિસ્તારના પેલેસ્ટીની નાગરિકોએ ૭ ઓકટોબરના રોજ દક્ષિણ ઈઝરાયેલ ઉપર હમાસની આગેવાની હેઠળના હુમલા દરમ્યાન ઈઝરાયેલીઓને મદદ કરી હતી. અબુ લતીફે મિડલ ઈસ્ટ આઈને જણાવ્યું, ૭ ઓકટોબરના રોજ યુદ્ધની શરૂઆતમાં અરબ સમુદાયે ખાસ કરીને નેગેવમાં અબુ આસા પરિવારે એક વિશાળ બલિદાન આપ્યું હતું. તેઓએ ગાઝા અને સેડેરોટ વિસ્તારોમાં ઘણા ઈઝરાયેલીઓના જીવન બચાવવામાં ફાળો આપ્યો. ઈઝરાયેલી સરકાર યુદ્ધ દરમ્યાન નેગેવમાં પેલેસ્ટીની સમુદાય દ્વારા કરવામાં આવેલા બલિદાનોને સ્પષ્ટપણે અવગણી રહી છે. જે વિસ્તારમાં વિધ્વંસ થઈ રહ્યું હતું તે વિસ્તાર બુધવારની વહેલી સવારે પોલીસે બંધ કરી દીધો હતો. ઈઝરાયેલની સંસદના પેલેસ્ટીની સભ્ય, નેસેટને સ્થળની નજીક આવતા અટકાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલના પેલેસ્ટીની નાગરિકોની જરૂરિયાતોનું પ્રતિનિધિત્વ કરતી એક રાજકીય સંસ્થા, નેગેવમાં આરબો માટેની ઉચ્ચ અનુવર્તી સમિતિના સભ્ય, જુમા અલ-ઝબારકેહે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, સેંકડો નાગરિકોના ઘરોનો વિનાશ એ એક સંગઠિત ગુનો છે અને ઈઝરાયેલના પેલેસ્ટીની નાગરિકો, ખાસ કરીને નેગેવમાં રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામર બેન ગ્વિરની આગેવાની હેઠળની પ્રતિકૂળ પ્રથાઓનું એક ખતરનાક સૂચક છે. ટ્વિટર ઉપરની એક પોસ્ટમાં બેન ગ્વિરે શાસન પુર્નઃ સ્થાપિત કરવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલાં તરીકે ધ્વંસની પ્રશંસા કરી અને વચન આપ્યું કે વધુ ઘરો તોડી પાડવામાં આવશે. નેગેવમાં અરબો માટેની ઉચ્ચ સમિતિએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ અબુ આસા પરિવારને દક્ષિણમાં હાઈવે ૬ પહોળો કરવા અને વિસ્તૃત કરવા માટે એક અલગ વિસ્તારમાં જવા દબાણ કરી રહ્યું છે, ઉમેર્યું હતું કે, બેન ગ્વિનો ઉદ્દેશ્ય વંશીય ભેદભાવને ઊંડો બનાવવો હતો. અબુ લતીફે જણાવ્યું હતું કે, સમુદાય હાઈવે બનાવવાની વિરૂધ્ધમાં નથી, પરંતુ તેઓ ઈચ્છે છે કે, તેમની પરિસ્થિતિનો પ્રથમ વાસ્તવિક ઉકેલ આપવામાં આવે. હાઈવે વિશે વિચારતાં પહેલા તેઓએ પહેલાં એવા લોકોના જીવન વિશે વિચારવું જોઈએ જેનું ભાવિ હવે અજાણ છે. ઈઝરાયેલના લગભગ ૩,૦૦,૦૦૦ પેલેસ્ટીની નાગરિકો નેગેવ પ્રદેશમાં રહે છે, જેમાં ૧,૦૦,૦૦૦ એવા ૩૦ અજાણ્યા ગામોમાં રહે છે જેઓ પરિવહન, રસ્તાઓ અને શાળાઓ સહિત આવશ્યક જાહેર સેવાઓની સુવિધાઓથી વંચિત છે. નેગેવમાં પેલેસ્ટીની નાગરિકો, જેઓ તેની વસ્તીના ૩૨ ટકા હિસ્સો ધરાવે છે, કહે છે કે, ઈઝરાયેલી સત્તાવાળાઓએ વિવિધ યુક્તિઓ દ્વારા દાયકાઓથી તેમને બળજબરીથી બહાર કાઢવા અને તેમની વિચરતી જીવનશૈલીનો નાશ કરવાનો પ્રયાસ કર્યો છે. આમાં મૂળ પેલેસ્ટીનીઓ પાસેથી જમીનો જપ્ત કરવી અને જમીન માલિકોને ભાડૂતોમાં ફેરવવાનો સમાવેશ થાય છે. વધુમાં ઈઝરાયેલ સરકાર ઉપર પેલેસ્ટીની ગામોના વિસ્તરણને રોકવા અને નવી યહૂદી વસાહતો સાથે ઘેરી લેવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# મેજિક કોલ નામનો ફલેવર્ડ હુક્કામાં વપરાતો કોલસો બની શકે છે જીવલેણ

રિસર્ચ મુજબ એક કલાકનો હુક્કો ૧૦૦ સિગારેટ પીવા બરાબર હોય છે એટલું જ નહીં, તમાકુનો ઉપયોગ હુક્કામાં ન પણ કરો તોય એમાં ફ્લેવર માટે જે કેમિકલ્સ વપરાય છે અને એને સળગાવવા માટે જે કોલસો વપરાય છે એ બન્ને હાનિકારક અને કેટલાક કેસમાં જીવલેણ સાબિત થાય છે. હાલમાં જ મુંબઈનો એક યુવાન એન્જિનિયર આ હુક્કાને કારણે ૧૮ દિવસ હોસ્પિટલમાં રહ્યો હતો અને માંડ બચ્યો હતો

યુવાનોમાં અમુક આદતો માટે એવો ક્રેઝ જોવા મળે છે કે અત્યારે નહીં કરીએ તો ક્યારે કરીશું? જીવન એક વાર જ મળ્યું છે અને બસ, એ માટે બધી મજા કરી લઈએ. આ વિચાર ઉપર યુવાનો ખોટી આદતોના બંધાણી બની રહ્યા છે અને પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે. હકીકત એ જ છે કે જીવન એક જ વાર મળ્યું છે અને એને આવા નકામા શોખ માટે જોખમમાં મૂકવું એ બિલકુલ સમજદારીભર્યું કામ નથી. તમારી એક પળની મજા તમારા અને તમારા પરિવાર માટે જીવનભરની સજામાં ફેરવાય એ પહેલાં ચેતી જવું સારૂ. જો તમને આ વાત નકામો ઉપદેશ લાગતો હોય તો હાલમાં મુંબઈના ૨૯ વર્ષના એન્જિનિયર સાથે થયેલો કેસ જાણવો જરૂરી છે.

### સિવિયર ઈન્ફેકશન


મુંબઈના આ એન્જિનિયરને અચાનક બે અઠવાડિયાં પહેલાં શ્વાસમાં તકલીફ ઊપડી અને તે હોસ્પિટલમાં દાખલ થયો. તેને તપાસતાં ખબર પડી કે તેને છાતીમાં સિવિયર ઈન્ફેક્શન છે અને એને કારણે રેસ્પિરેટરી ફેલ્યર થયું છે. તેનો સ્કેન દર્શાવી રહ્યો હતો કે તેનાં ફેફસાંમાં સફેદ રંગના પેચ છે જે સિવિયર ઈન્ફેકશન દર્શાવતા હતા. ડોકટરે તેમને સપોર્ટ સિસ્ટમ ઉપર રાખ્યા અને દવાઓ શરૂ કરી, પરંતુ ઈન્ફેકશન એટલું જટિલ હતું કે તરત કાબૂમાં આવે એમ નહોતું. ડોકટર તેને દરરોજ પૂછતા કે તને સ્મોકિંગ કે બીજી કોઈ ખરાબ આદત છે? તે ના પાડતા. ડોક્ટરનું આવું પૂછવા પાછળનું કારણ એ હતું કે આ પ્રકારનું ઈન્ફેક્શન મોટા ભાગે ડ્રગ્સ લેનારા લોકોને થતું હોય છે. ૬ ફુટનો ૨૯ વર્ષનો યુવાન માણસ અને તેને આવું ઈન્ફેક્શન થયું હોય તો ડ્રગ્સ સિવાય બીજું શું કારણ હોઈ શકે? પરંતુ કારણ નીકળ્યો હુક્કો.

### જીવનું જોખમ

આ એન્જિનિયરનાં હાલમાં જ લગ્ન થયાં હતાં. તેના એક અંકલ તેના માટે સિંગાપોરથી હુક્કો ખરીદીને લાવ્યા હતા. ઘરે મમ્મી-પપ્પા નહોતાં, બહારગામ ગયાં હતાં એટલે તેણે એ હુક્કો બહાર કાઢ્યો અને પીવાનું શરૂ કર્યું. એટલી મજા આવવા લાગી કે દરરોજ પીવા લાગ્યો. એના માટે તેણે પાનની ફેન્સી દુકાનોમાં મળતો મેજિક કોલ એટલે કે એક પ્રકારનો કોલસો પણ ખરીદ્યો. આ કોલસાનો ઉપયોગ હુક્કાના કેમિકલને બાળવા માટે થતો હોય છે. છેલ્લા બે મહિનાથી તે લગભગ દરરોજ ઘરે આ હુક્કો પીતો હતો. આ એન્જિનિયરનો ઈલાજ કરનારા અને ઝેન હોસ્પિટલ, ચેમ્બુરના પલ્મનોલોજિસ્ટ ડો. અરવિંદ કાટે કહે છે, ‘આ એક અતિ સિવિયર પ્રકારનું ઈન્ફેક્શન હતું, જે આ મેજિક કોલ એટલે કે કોલસાને કારણે થયું હતું. અમે આ દરદીને એન્ટિબાયોટિક અને એન્ટિફંગલ દવાઓ ચાલુ રાખી હતી. આ ઈન્ફેક્શનને કાબૂમાં લેવું અઘરૂ હતું, જેના માટે મેં મુંબઈના ટોપ ડોક્ટર્સ જોડે ચર્ચા પણ કરેલી હતી. સદ્નસીબે આ દવાઓ એ વ્યક્તિ ઉપર કામ કરી ગઈ નહીંતર તેના જીવ ઉપર જોખમ ઊભું હતું. આ વ્યક્તિને ૧૮ દિવસ અમારે હોસ્પિટલમાં રાખવી પડી હતી.’

### ફ્લેવર્ડ હુક્કા સેફ નથી

ઘણા લોકોની એવી માન્યતા છે કે સિગારેટ-બીડી હાનિકારક હોય છે, પરંતુ હુક્કા નહીં. અને એમાં પણ ખાસ ફ્લેવર્ડ હુક્કા માટે લોકોને એમ હોય છે કે એ હાનિકારક નથી. પરંતુ એ હોય જ છે. ઠેર-ઠેર હુક્કા-પાર્લરમાં જે લોકો હુક્કા ટ્રાય કરતા હોય છે એમાંથી લગભગ દરેકની માન્યતા એવી હોય છે કે આ પ્રકારના હુક્કા ફક્ત મજા આપે છે, નુકસાન કરતા નથી. આ કેસ આ માન્યતાને નકારે છે. ફ્લેવર્ડ હુક્કા કઈ રીતે નુકસાન કરતા હોય છે એ વિશે સમજાવતાં ડો. અરવિંદ કાટે કહે છે, ‘હુક્કા-પાર્લરવાળા કહે છે કે આ હુક્કામાંથી જે ધુમાડો છે એ પાણી ઉપરથી પસાર થઈને આવે છે એટલે એ ફિલ્ટર થઈ જાય છે અને એમાં રહેલી અશુદ્ધતા કે કેમિકલ જતાં રહે છે અને એ શુદ્ધ ફોર્મમાં તમને મળે છે. આ વાતનું વૈજ્ઞાનિક કોઈ તથ્ય નથી. બીજું એ કે ફ્લેવર લાવવા માટે વપરાતાં કેમિકલ્સ તમને નુકસાન પહોંચાડે જ છે, કારણકે આ કેમિકલ્સ ટોકિસક હોય છે.



એમાં જે કોલસો વાપરવામાં આવે છે એ કોલસો પણ કઈ ક્વોલિટીનો છે, કેટલો જૂનો છે એ તમને ખબર નથી હોતી. એને કારણે આ પ્રકારના બનાવો બને છે. કોલસામાં ફૂગ થઈ જતી હોય છે. જો એવા કોલસાને વાપરવામાં આવે તો ઈન્ફેક્શન થવાનું રિસ્ક ઘણું વધી જાય છે.’

### સિગારેટથી પણ વધુ નુકસાનકારક

પુણેસ્થિત નેશનલ લેવલના ચેસ્ટ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા હુક્કાનું સેવન કેટલું હાનિકારક હોઈ શકે એ એનાં ઘણાં રિસર્ચમાં સાબિત થઈ ચૂક્યું છે એ વાત જણાવતાં ડો. અરવિંદ કાટે કહે છે, ‘અઢળક રિસર્ચ સાબિત કરી ચૂક્યાં છે કે હુક્કો સિગારેટ અને બીડી કરતાં પણ વધુ હાનિકારક છે, કારણ કે એમાં કશ ઊંડો ભરવાનો હોય છે અને વધુ સમય માટે ધુમાડો શરીરમાં રહે છે. એક આંકડા મુજબ હુક્કા-પાર્લરમાં જે ૧ કલાકનો સમય હોય છે એ એક કલાક તમાકુવાળો હુક્કો જો તમે પીતા હો તો એ ૧૦૦ સિગારેટ પીવા જેટલું હાનિકારક ગણાય છે. ફેફસાંની પહેલેથી કોઈ તકલીફ હોય; જેમ કે અસ્થમા, શ્વાસમાં તકલીફ કે ફેફસાંનું ઈન્ફેકશન વગેરે તો એવી વ્યકિતએ આ પ્રકારના એકસપોઝરથી દૂર જ રહેવું; કારણ કે તેમને જીવલેણ અટેક આવી શકે છે. આ સિવાય સામાન્ય વ્યકિતઓને પણ હુક્કાને કારણે ઈન્ફેકશન કે બ્રોન્કાઈટિસ થઈ શકે છે. એને કારણે શ્વાસની તકલીફ આવે, ઈન્હેલર્સ કે નેબ્યુલાઈઝેશન લેવાં પડે, હોસ્પિટલમાં ભરતી થવું પડે અને જો દવાઓ કામ ન લાગી તો જીવ પણ ખોવાની હાલત આવી શકે છે.’

### મેજિક કોલથી થતું નુકસાન

કોલસાનો એક એવો પ્રકાર છે જે જલદી સળગી શકે છે. જે લોકો ઘરે હુક્કો પીએ છે તેઓ સહુલિયત માટે સરળતાથી હુક્કો સળગાવી શકે એ માટે વાપરતા હોય છે. યુવાનોમાં એ ઘણું જ પોપ્યુલર છે. બજારમાં સરળતાથી મળે છે, પરંતુ આ કોલસો કેમિકલ દ્વારા કોટ કરવામાં આવે છે જેથી એ જલદી સળગી શકે. આ કેમિકલ ખૂબ હાનિકારક સાબિત થતાં હોય છે. વળી એની ક્વોલિટી ખરાબ હોય તો પણ ખબર પડતી નથી. સામાન્ય રીતે કોલસો બળે તો કાર્બન મોનોકસાઈડ જેવા હાનિકારક ગેસ ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત ઘણી અશુદ્ધિઓ પણ એ ઉત્પન્ન કરે છે જે ફેફસાંમાં જઈને ઈન્ફેકશનનું કારણ બનતી હોય છે. આ અશુદ્ધિઓ કેન્સરકારક હોય છે.

### શહેરની જરૂરિયાતો જેટલું શુદ્ધ પાણી સંગ્રહિત કરી શકશે

# અમદાવાદમાં સાબરમતી પર પર બનશે શહેરનો પ્રથમ રબર ડેમ

**સાબરમતી નદી પર સાબરમતી વિસ્તારમાં પાવર હાઉસ પાસે બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટ શરૂ થવાની તૈયારીમાં છે**

અમદાવાદ, તા.૧૩

સાબરમતી નદી પર સાબરમતી વિસ્તારમાં પાવર હાઉસ પાસે બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટ શરૂ થવાની તૈયારીમાં છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SRFDCL)ની પહેલના ભાગ રૂપે સિવિક બોડી ટૂંક સમયમાં નદીમાં રબર ડેમનું બાંધકામ શરૂ કરશે, જે સામેના કાંઠે આવેલા કેમ્પ સદર બજાર વિસ્તારને જોડશે. પ્રોજેક્ટ માટે ટેન્ડર મંજૂર કરી દેવામાં આવ્યું છે અને ૪ જૂને લોકસભાની ચૂંટણીની આચારસંહિતા ખતમ થયા પછી વર્ક ઓર્ડર જારી કરવામાં આવશે. રબર ડેમને હવાથી ભરેલા રબર બેરેજ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં નદીના પાણીના સ્તરના આધારે ઈન્ફ્લેશન અથવા તો ડિફ્લેક્શન માટે સક્ષમ સિંગલ વક્લેનાઈઝ્ડ નોન-જોઈન્ટેડ બ્લેડર સિસ્ટમ હશે. ૨-૨.૫ મીટરની ઉંચાઈ સાથે ૩૦ મીટરમાં ફેલાયેલું આ સ્ટ્રક્ચર પશ્ચિમ કાંઠે આવેલા વીજળી પ્લાન્ટને પૂર્વ કાંઠે આવેલા કેમ્પ સદર બજાર સાથે જોડશે. શહેરમાં આ પ્રકારનો આ પ્રથમ બ્રિજ હશે. જેને બનાવવાનો કુલ ખર્ચો ૩૦૦ કરોડ રૂપિયા થશે. બેરેજ-કમ-બ્રિજ ૧૫ દિવસ માટે શહેરની જરૂરિયાતો જેટલું શુદ્ધ પાણી સંગ્રહિત કરી શકશે. SRFDCLના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, અમે જરૂરી ઈલેક્ટ્રો-મિકેનિકલ ઓટોમેશન સાથે રબર ડેમના મેન્યુફેક્ચરિંગ, ઈન્સ્ટોલિંગ, કમિશનિંગ અને ઓપરેટિંગ સાથે સંકળાયેલી કંપનીઓ પાસેથી બિડ મંગાવી હતી. ટેન્ડરને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને પ્રોજેક્ટ માટે એક કંપનીની પસંદગી કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતા સમાપ્ત થયા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે. બાંધકામમાં રબર મેમ્બ્રેનને ઠીક કરવાનો સમાવેશ થાય છે, જે પ્રોજેક્ટનું એક નિર્ણાયક પાસું છે, અને ડેમને સુરક્ષિત કરવા માટે 500mm જાડા કોંક્રિટ બેઝ સ્લેબ તૈયાર કરવાના છે. આ સિક્સ લેન બ્રિજ-કમ-બેરેજથી પશ્ચિમ ભાગથી એરપોર્ટ તરફ જતા મુસાફરોને ફાયદો થશે જેના કારણે તેમને શાહીબાગ-ડફનાળા રોડ પર જવાની જરૂર રહેશે નહીં. શરૂઆતમાં આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચો ૨૦૦થી ૨૫૦ કરોડ રૂપિયાનો હતો. રબર બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટને રાજ્ય સરકાર તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી, જેના કારણે ૨૦૨૨માં SRFDCL દ્વારા સલાહકારોની નિમણૂક કરવામાં આવી હતી. આયોજન અને ડિઝાઈનની મંજૂરીઓ મળ્યા બાદ ઓગસ્ટ ૨૦૨૩માં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેના માટે કંપનીઓ દ્વારા જે બિડ આવી હતી તેમાં જે સૌથી ઓછી બિડ હતી તે પ્રોજેક્ટના અંદાજીત ખર્ચા કરતાં ૩૩ ટકા વધારે હતી.

જો કે, વાટાઘાટો બાદ પ્રોજેક્ટને આખરે અંદાજીત કિંમત કરતાં લગભગ ૨૯% વધુ ભાવે આપવામાં આવ્યો હતો. જોકે, ટેન્ડર પ્રક્રિયા દરમિયાન લોકસભાની ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી વર્ક ઓર્ડર આપવાનું કામ અટકી ગયું હતું. જે હવે આચારસંહિતા સમાપ્ત થયા બાદ આપવામાં આવશે.

### પટાવાળા અને સેલ્સમેનની દીકરીએ A1 ગ્રેડ મેળવ્યો

# ધોરણ ૧૦ના પરિણામમાં ગરીબ ઘરની દિકરીઓએ માર્યું મેદાન

**અમદાવાદની રિયાએ ૯૩ ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો ત્યારે માતા પિતાએ ઈશારાથી દિકરીની ખુશી વ્યક્ત કરી**

અમદાવાદ, તા.૧૩

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું જાહેર થયું છે. આ વર્ષે ૮૭.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ પરિણામમાં ૧૮ ટકાનો વધારો આવ્યો છે. ગાંધીનગર જિલ્લાનું સૌથી વધુ, જ્યારે પોરબંદર જિલ્લાનું સૌથી નીચું પરિણામ આવ્યું છે. ફરી એકવાર વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન બંછાનીધી પાનીએ કહ્યું કે, આ વર્ષે ધોરણ ૧૦માં છોકરીઓએ મેદાન માર્યું છે. સૌથી વધુ ૮૭.૨૨ ટકા પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર બન્યો છે. તો પોરબંદર જિલ્લામાં સૌથી ઓછું ૭૪.૫૭ ટકા પરિણામ આવ્યું છે. બોર્ડના અનેક વિદ્યાર્થીઓએ સંઘર્ષ કરીને સફળતા મેળવી છે. ત્યારે અમદાવાદની રિયાએ ૯૩ ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો ત્યારે તેના માતાપિતાની ખુશીનો પાર રહ્યો ન હતો. તેના માતાપિતાએ ઈશારાથી દીકરીની ખુશી વ્યક્ત કરી હતી. કારણ કે, તેના માતાપિતા મૂકબધિર છે.

અમદાવાદની રિયાએ અન્ય વિદ્યાર્થીઓ માટે મોટો દાખલો બેસાડ્યો છે. રિયાએ ધોરણ-૧૦માં ૯૩ ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો છે. અથાગ પરિશ્રમ સાથે તેનો સંઘર્ષ પણ ખૂબ રહ્યો છે. રિયાના માતા પિતા મૂકબધિર છે. જ્યારે દીકરીનું પરિણામ આવ્યું તો તેના માતાપિતાની ખુશીઓનો પાર ન રહ્યો. મૂકબધિર માતાપિતાએ ઈશારામાં દીકરીની સફળતાને બિરદાવી હતી. રિયાનો સંઘર્ષ ઓછો ન હતો. જ્યાં અન્ય બાળકો સ્કૂલ વાનમાં શાળાએ જાય છે, ત્યાં નરોડા વિસ્તારમાં રહેતી રીયા શાહીબાગમા આવેલી તેની શાળાએ નરોડાથી રોજ AMTS મા મુસાફરી કરીને શાળાએ જતી હતી. આગળ CA થઈ માતાપિતાના સપનાઓ પુરા કરવાનું રીયાનું સપનું છે.

ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું છે. વિદ્યાર્થીઓએ મહેનત કરી ઝળહળતું પરિણામ મેળવ્યું છે. અમદાવાદમાં પ્લાસ્ટિકની દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરતા પિતાની દીકરીએ A1 ગ્રેડ મેળવ્યો છે. અમદાવાદની યશ્વી રાઠોડે ૯૪ ટકા મેળવ્યા છે. યશ્વીના પિતા પ્લાસ્ટિકની દુકાનમાં સેલ્સમેન છે. યશ્વી રાઠોડે સોશિયલ મીડિયાથી દૂર રહી સફળતા મેળવી છે. અમદાવાદમાં પટાવાળાની ફરજ બજાવતા માતાની દીકરીનું ઝળહળતું પરિણામ આવ્યું છે. સુરેખાબેન બારૈયાની દીકરી ધ્વનિએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. ધ્વનિએ અથાક પરિશ્રમથી ૯૪ ટકા મેળવ્યા છે. ધ્વનિને ભવિષ્યમાં ડૉક્ટર બનવાની ઈચ્છા છે.

### બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો

# જૂનાગઢમાં રહેતી વાચા વ્યાસે ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા

**વાચા વ્યાસે જણાવ્યું હતું કે, તે સતત આઠ કલાકનું વાંચન કરતી હતી : દરેક પેપર તેને મહેનતને લીધે સહેલા લાગ્યા**

જૂનાગઢ, તા.૧૩

આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે. જૂનાગઢ જિલ્લામાં ૭૮.૨૬ ટકા પરિણામ આવ્યું છે. અત્યારે જૂનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી વાચા વ્યાસ નામની વિદ્યાર્થીનીએ ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવી બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. હવે તે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે.

આ અંગે વાચા વ્યાસે જણાવ્યું હતું કે, તે સતત આઠ કલાકનું વાંચન કરતી હતી. આ વખતેની પરીક્ષામાં દરેક પેપર તેને પોતાની મહેનતને લીધે સહેલા લાગ્યા હતા. ફક્ત ગણિત અને વિજ્ઞાનનું પેપર થોડું અઘરું હતું. જો કોઈ વિદ્યાર્થી સફળતાની ચાવી જાણવા માંગે છે, તો તેણે સ્કૂલ દ્વારા જે ભણાવવામાં આવે છે, તેનું વારંવાર પુનરાવર્તન કરવું જોઈએ.

વાચા એ પોતાની મહેનત અનુસાર ૯૫ ટકા પરિણામ આવવાની ધારણા કરી હતી. પરંતુ તેને ધાર્યા કરતા ખૂબ સારું પરિણામ મળ્યું છે. આજે પરિણામ જાહેર થતાં વાચા એ ૯૮.૧૬% સાથે બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. વાચાના પિતા જપનભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમે ક્યારેય પણ વાચાને પરિણામ માટે પ્રેશર કર્યું નથી. આજના સમયમાં પોતાના બાળકને અવ્વલ સ્થાને દરેક વાલી જોવા માંગે છે. પરંતુ ક્યારેક બાળકને પરિણામ માટે પ્રેશર આપવું ન જોઈએ. મારી દીકરી જ્યારે ભણતી હતી, ત્યારે તેઓ રમતી હતી. ૯૯% લાવવા ૬૦% લાવવા કે, પછી ૭૦% લાવવા, તે વિદ્યાર્થીની મહેનત ઉપર આધાર રાખે છે. જો બાળકને કોઈપણ પ્રકારનું પરિણામ માટે દબાણ આપવામાં આવે, તો પરિણામ ઘટી શકે છે.

### વિરોધીઓને રાદડિયાનો સણસણતો જવાબ

# મેં પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી, ભાજપે મને નાની ઉંમરમાં ઘણુ આપ્યું છે

**રાદડિયા જીત થતા ભાજપનું બીજું જૂથ મેદાને આવ્યું , સહકારી આગેવાન બાબુ નસીતે રાદડિયા સામે માડ્યો મોર્ચો**

રાજકોટ, તા.૧૩

ઈફકોમાં જયેશ રાદડિયાની જીત બાદ ભાજપમાં મોટો ભડકો થયો છે. ભાજપમાં હવે પાર્ટી સામે વિરોધના સૂર ઉઠ્યા છે. ત્યારે સૌરાષ્ટ્રના સહકારી આગેવાન બાબુ નસીતે જયેશ રાદડિયા સામે મોરચો માંડ્યો છે. પક્ષના મેન્ડેટની અવગણના કરનારા રાદડિયા સામે તાત્કાલિક કાર્યવાહીની માંગણી ઉઠી છે. સહકારી આગેવાન બાબુ નસીતના આક્ષેપો પર જયેશ રાદડિયાએ જવાબ આપ્યો છે. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં રાદડિયાએ કહ્યું, મેં પાર્ટી વિરૂદ્ધ કોઈ કામ કર્યુ નથી. જે લોકો મારો વિરોધ કરે છે તે લોકો ખેડૂત વિરોધી છે. મેં પાર્ટી માટે લોકસભા ચૂંટણીમાં કામ કર્યું છે.

બાબુ નસીતના આરોપો બાદ ઈફકોના ડાયરેક્ટર જયેશ રાદડિયાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધીને આક્ષેપોના જવાબ આપ્યા હતા. ઈફકો ડિરેક્ટર જયેશ રાદડિયાએ કહ્યું કે, ઈફકોની ચૂંટણીમાં ભાજપે મેન્ડેડ આપ્યું તે પહેલા મેં ઉમેદવારી નોંધાવી હતી. મને ખબર પણ નહોતી કે ભાજપે મેન્ડેડ આપ્યું છે. લોકસભા ચૂંટણીમાં મારી વિધાનસભા વિસ્તારમાં મેં પાર્ટી માટે જ કામ કર્યું છે. મેં કોઈ પાર્ટી વિરુદ્ધ કામ કર્યું નથી.

તેમણે સહકારી સંગઠન વિશે કહ્યું કે, રાજકોટ જિલ્લા બેંક અને સહકારી માળખું ખેડૂત સભાસદો પર ચાલે છે. મારા પર આક્ષેપ કરે છે તેને મારે જવાબ આપવાના ન હોય. આક્ષેપ કરનારા પોતાનું જોઈ લે. મારે ખેડૂત સભાસદોનું હિત જોવાનું છે. ખેડૂતોના હિત માટે મેં ચૂંટણી લડી છે. કોઈ સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રમાં ન આવવું જઈએ. રાજકારણમાં સામાજિક સંસ્થાઓએ ન ઝંપલાવવુ જોઈએ. જે સામાજિક સંસ્થાઓમાં રાજનીતિ આવે છે ત્યારે સમાજનું પતન થાય છે. સામાજિક સંસ્થાઓના વડાને કહેવા માગું છું કે, સમાજમાં રાજકારણ કરવાને બદલે જો રાજકારણ કરવું જ હોઈ તો રાજનીતિમાં આવી જવું જોઈએ. ભારતીય જનતા પાર્ટીએ નાની ઉંમરે ઘણું આપ્યું છે.

બાબુ નસીતનું કહેવું છે કે, રાજકોટ લોધિકા સંઘમાં મેન્ડેટ હોવા છતાં મારા વિરુદ્ધ પગલાં લીધા હતા.

મારા સામે તરત જ પગલાં લેવાયા હતા એવી રીતે જયેશ રાદડિયા સામે પગલાં લેવામાં આવે. આ સાથે સહકારી સંસ્થામાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાની બાબુ નસીતે દાવો કર્યો છે. સાથે જ ભાજપ વિરુદ્ધ જઈ અને કામ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ઈફકોની ચૂંટણીમાં જયેશ રદડિયાએ ભાજપ વિરુદ્ધ જઇ ચૂંટણી લડી છે. જયેશ રાદડિયાને મત આપનાર સભ્યો સામે પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી મારી માંગ છે. રાજકોટ લોધિકા સંઘમાં મેન્ડેડ હોવા છતાં મારા વિરુદ્ધ પગલાં લીધા હતા. આજે પણ સહકારી ક્ષેત્રમાં ભાજપ-કોંગ્રેસનું ઈલું ઈલું ચાલે છે. ડો. ડાયાભાઈ પટેલ અને મહમદ પીરજાદા બંને રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના સભ્યો છે. આ બંને સભ્યો કોંગ્રેસના છે અને ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ મતદાન કર્યું હતું. અમારા સામે જેવી રીતે પગલાં લેવાયા તેવી જ રીતે આ લોકો સામે પણ પગલાં લેવાય. જયેશ રાદડિયા સામે પાર્ટીએ પગલાં લેવા જોઈએ. સહકારી સંસ્થાઓમાં ભાજપના નેતાઓ જેઓ કોંગ્રેસમાંથી આવ્યા છે તે ભ્રષ્ટાચાર કરે જ છે. ભાજપ વિરુદ્ધ જઈ અને કામ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે.

### પાવાગઢ દર્શન કરવા જતા ભક્તો માટે સારા સમાચાર

# મહાકાળી માતાજીના મંદિર સુધી રોપ-વેમાં જઈ શકાશે

**હવે રોપ-વે મંદિર સુધી લંબાવવામાં આવશે, દુધિયા તળાવથી નિજ મંદિર સુધીના ૪૪૯ પગથિયા નહિ ચઢવા પડે**

પાવાગઢ, તા.૧૩

પાવાગઢ દર્શન કરવા જતા ભક્તો માટે સારા સમાચાર આવ્યા છે. હવે મહાકાળી માતાજીના મંદિર સુધી રોપ-વેમાં જઈ શકાશે. માતાજીના મંદિર સુધી પહોંચવા માટે રોપ-વેને લંબાવવાની મંજૂરી મળી છે. કેન્દ્ર સરકારની મંજૂરી બાદ સ્થાનિક સ્તરેથી મંજૂરની રાહ જોવાઈ રહી છે. હાલ પાવાગઢમાં માત્ર દુધિયા તળાવ સુધી રોપ-વે જાય છે. રોપ-વે બાદ મંદિર સુધી પહોંચવા માટે ૪૪૯ પગથિયા ચડવા પડે છે. હાલ પાવાગઢ મંદિરમાં માત્ર દુધિયા તળાવ સુધી જ રોપ-વે છે. આવામાં બીમાર, અશક્ત, વૃદ્ધોને નિજ મંદિર સુધી દર્શન કરવા માટે ભારે તકલીફનો સામનો કરવો પડે છે. દૂધિયા તળાવથી નિજ મંદિર સુધી ૪૪૯ પગથિયા છે. આ ૪૪૯ પગથિયા અશકત,વૃધ્ધો અને બિમાર લોકો માટે ચડવા મુશ્કેલ હોવાથી તેઓ રોપ-વે જયાં સુધી જાય છે. ત્યાંથી જ દર્શન કરીને પાછા ફરે છે. જો નિજ મંદિર સુધી રોપ-વે બનશે તો આવા લોકો પણ સરળતાથી દર્શન કરી શકશે.

પાવાગઢ મહાકાળી મંદિર સુધી રોપ-વેને લંબાવવાની મંજૂરી મળી ગઈ છે. કેન્દ્ર સરકારની નેશનલ મોન્યુમેન્ટ ઓથોરીટીએ પાવાગઢમાં રોપ-વેને છેક મંદિર સુધી લંબાવવા માટેની મંજૂરી આપી દીધી છે. આ પછી એક જોઈન્ટ મોનીટરીંગ કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ સ્થળ તપાસ તાજેતરમા કરી લીધી છે અને રોપ વેને લંબાવવાની મંજૂરી આપી દીધી છે. હવે દુધીયા તળાવથી આગળ છેક મંદિર સુધી રોપ-વે જાય તે માટે બે તબક્કામાં આગામી બે મહિનામાં રૂ. ૧૦૦ કરોડના રોકાણ સાથે કામગીરી હાથ ધરાશે તેવું સુત્રોનું કહેવું છે. મંદિરની બાજુમાં નવુ સ્ટેશન ઉભું કરવામાં આવશે. જેથી શ્રદ્ધાળુઓ મંદિર સુધી રોપ-વે રાઈડ કરી શકશે. આ નવી રાઈડની એક કેબિનમાં ૮ વ્યક્તિ બેસી શકશે. આવી ૮ કેબિન મૂકાશે. નવા રોપ-વેની કેબિન ઓસ્ટ્રીયા દેશથી મંગાવવામાં આવશે ને તે અત્યંત આધુનિક અને ઓટોમેટિક હશે.

### બુકના ટાઈટલને લઈને મચ્યો હોબાળો

# અભિનેત્રી કરીના કપૂર ખાનને હાર્ટકોર્ટે ફટકારી નોટિસ

**કરીનાના પુસ્તકનું નામ કરીના કપૂર ખાન્સ પ્રેગ્નેંસી બાઈબલ છે : બાઈબલ શબ્દનો ઉપયોગ કરવા બદલ વિરોધ**



મુંબઈ, તા.૧૩

બોલીવુડની બેબો એટલે કે કરીના કપૂર ખાનની મુશ્કેલી ૩ વર્ષ પહેલા લોન્ચ થયેલા પુસ્તકના કારણે વધી છે. કરીના કપૂર ખાન તેની બુકના કારણે સમસ્યામાં ફસાઈ ગઈ છે. કરીના કપૂર ખાને બાળકોના જન્મ પછી એક પુસ્તક લોન્ચ કર્યું હતું. આ પુસ્તકના ટાઈટલને લઈને હવે વિવાદ શરુ થયો છે. આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે અને હાઈકોર્ટે કરીના કપૂર ખાનને નોટિસ પણ ફટકારી છે.

કરીના કપૂર ખાનના પુસ્તકનું નામ કરીના કપૂર ખાન્સ પ્રેગ્નેંસી બાઈબલ છે. આ બુકના નામમાં બાઈબલ શબ્દનો ઉપયોગ કરવા બદલ લોકોએ વિરોધ વ્યક્ત કર્યો છે. આ મામલે એક વકીલે એમપી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ મામલે હવે કોર્ટે કરીના કપૂર ખાનને નોટિસ ફટકારી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે બાઈબલ શબ્દનો ઉપયોગ કરી કરીનાએ ઈસાઈ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાવી છે. આ મામલે અરજી કરનારાઓએ પુસ્તક પર પ્રતિબંધ મુકી દેવાની માંગ કરી છે.

કરીના કપૂર ખાન પર આરોપ છે કે તેણે સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે લોકોની ધાર્મિક લાગણી દુભાવી છે. તેણે આ નામ લોકપ્રિયતા મેળવવા રાખ્યું પણ તેનાથી લોકોની લાગણી દુભાણી છે. હવે આ મામલે ૧ જુલાઈના રોજ સુનાવણી થઈ શકે છે.

### કેસર કેરીના ભાવમાં ૩૦૦ રૂપિયા સુધીનો ઘટાડો

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયો વધારો

ભાવનગર, તા.૧૩

હાલ બજારમાં ઓછા પ્રમાણમાં તમામ પ્રકારની કેરી દેખાઈ રહી છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનું આગમન થયું છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૧૧ મેના રોજ કેરીની હરાજી કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનો ભાવ એક મણના ૧,૧૦૦ રૂપિયાથી ૩,૦૦૦ રૂપિયા બોલાયો હતો. પ્રતિ એક મણના ૩૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. તેમજ કેરીની આવકમાં બે દિવસમાં ૧૫૦ મણનો વધારો થયો છે.

કેસર કેરીનો ભાવ ૧,૧૦૦ રૂપિયાથી ૩,૦૦૦ રૂપિયા સુધીનો નોંધાયો હતો. સરેરાશ ભાવ ૨,૧૫૦ રૂપિયા નોંધાયો હતો. યાર્ડમાં ૯૦૦ મણ કેસર કેરીની આવક થઈ હતી. માર્કેટિંગ યાર્ડમાં અથાણાની કેરીની( દેશી )પણ આવક નોંધાઈ હતી, જેના પ્રતિ ૧ મણના નીચા ભાવ ૨૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૬૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા. હાલ કેસર કેરીની માંગ, આવક થતાની સાથે જ વધવા લાગી છે અને મોટી માત્રામાં લોકો કેસર કેરીની ખરીદી કરી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં જમાદાર કેરીની પણ આવક નોંધાઈ હતી. જમાદાર કેરીમાં પ્રતિ એક મણે ૪૦૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો. જમાદાર કેરીનો ભાવ ૧,૨૦૦ રૂપિયાથી ૩,૪૦૦ રૂપિયા નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં ૨૦૦ મણ જમાદાર કેરીની આવક થઈ હતી અને સરેરાશ ભાવ ૨,૩૫૦ રૂપિયા નોંધાયો હતો. ભાવનગર જિલ્લામાં ૯,૦૦૦ હેક્ટર જમીન કરતાં પણ વધારે વાવેતર છે અને મોટી માત્રામાં આંબાની કલમો તૈયાર કરી અને ગુજરાત બહારના રાજ્યમાં મોકલવામાં આવે છે.

### ભગવંત માને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા

# AAP વિના દિલ્હીમાં કોઈપણ સરકાર નહીં બને : માન

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીમાં AAP ઓફિસમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમની પરિચિત શૈલીમાં જોવા મળ્યા હતા. ભાજપ પર પ્રહાર કરતા માને કેન્દ્ર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ભગવંત માને કહ્યું, ’જ્યારે પણ રાજકારણમાં કોઈએ એવો ભ્રમ રાખ્યો કે તે મહાન છે, ત્યારે જનતાએ તેને સિંહાસન પરથી નીચે જમીન પર ઉતારી દીધો છે.. આમ આદમી પાર્ટીના આ કાર્યાલયમાં ઘણી ખુશી છે, કારણ કે અમારા નેતા બહાર આવ્યા છે. અહીંથી થોડાક મીટર દૂર સન્નાટો છે.

માને AAPની PCમાં આગળ કહ્યું, ’દિલ્હી અને પંજાબમાં વોટિંગ પહેલાં ૧૨ને બદલે ૧૮ કલાક કામ કરવું પડશે. ગઈકાલે મેં લુધિયાણામાં કહ્યું હતું કે અમારી પાસે ૩૨ દાંત છે અને ટૂંક સમયમાં તે વ્યક્તિ બહાર આવી જશે. મેં કહ્યું અને તે કાલે બહાર આવી ગયા. હવે સાંભળો, હું ફરીથી કહી રહ્યો છું કે ૪ જૂને બીજેપીનો પરાજય થશે અને કેન્દ્રમાં આમ આદમી પાર્ટી વિના કોઈ સરકાર નહીં બને.

માને આગળ કહ્યું, ’અમે પંજાબમાં ૧૩ અને કુરુક્ષેત્રમાં એક સીટ જીતીશું. આમ આદમી પાર્ટીની મદદ વિના કેન્દ્રમાં કોઈ સરકાર નહીં બને.

માને એવો પણ આરોપ છે કે ભાજપે લોકશાહીને નષ્ટ કરવાનું ષડયંત્ર રચ્યું છે, જેમાં તે ક્યારેય સફળ થશે નહીં. છઈઁ અને ભારતનું ગઠબંધન લોકસભા ચૂંટણી જીતવા જઈ રહ્યું છે. ભાજપની મોટી હાર થશે. તેઓ આવા ઈનપુટ્સથી ડરે છે. જેના કારણે તેમની ઓફિસમાં મૌન છે. આવી સ્થિતિમાં જનતાએ ભાજપને હટાવવાનું મન બનાવી લીધું છે તે સ્પષ્ટ છે.

# વિસાવદરના કાલસારી ગામના સિવિલ દાવામાં મકાનનું કરેલ બાંધકામ દૂર કરી કબજો સોંપી આપવા હુકમ

## પ્રતિવાદી દ્વારા કોર્ટના હુકમનો સતત અનાદર કરવા બદલ ત્રણ માસની સજા



(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૧૩

વિસાવદર તાલુકાના કાલસારી ગામના ઘુસાભાઈ મનજીભાઈ ગોહેલના નામની કાયદેસરની મિલકત કાલસારી ગ્રામ પંચાયત કચેરીના ગામના નમૂના નંબર (૨)માં આવેલ હોય આ મિલ્કતધારણકર્તા ઘુસાભાઈ નું આવશાન થતા આ મિલકત તેમના પત્ની પુત્રો તથા પુત્રીઓના નામે દાખલ થયેલ હતીઆ મિલકતનો વહીવટ અને વ્યવસ્થા તેમના પુત્ર અરવિંદભાઈ કરતા હોય આ મિલકતના ધારણકર્તા અરવિંદભાઈ ની ગેરહાજરીમાં સુરેશભાઈ છગનભાઈ ગોહિલે આ મિલકતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી તેમાં મકાનનું તથા દુકાનનું બાંધકામ કરતા વાદી અરવિંદભાઈ દ્વારા વિસાવદર કોર્ટમાં દાવો દાખલ કરી મનાઈહુકમની માંગણી કરતી અરજી દાખલ કરેલ હતી જે કામમાં દાવાવાળી જગ્યાની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા પ્રતિવાદી સામે હુકમ થયેલ અને ત્યારબાદ મનાઈહુકમની અરજીની સુનાવણી બાદ વિસાવદર કોર્ટ મનાઈહુકમની અરજી મંજુર કરેલી હતી અને વિસાવદર કોર્ટનો સ્પષ્ટ હુકમ હોવા છતાં પ્રતિવાદી દ્વારા વખતોવખત મનાઈહુકમનો જાણી જોઈ ભંગ કરતા દરેક વખતે વાદગ્રસ્ત જગ્યાની સ્થળ સ્થિતિમાં ફેરફાર કરવામાં આવેલ અને વાદી દ્વારા ચાર ચાર વખત કોર્ટ કમિશનરની નિમણૂક કરી રોજકામ કરાવેલ અને દરેક વખતે સ્થળ સ્થિતિમાં ફેરફાર કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ.

આ કામમાં વાદી અરવિંદભાઈ તથા તલાટી મંત્રી અને ચારેય વખતે રોજકામ કરનાર કોર્ટ કમિશનર ની કોર્ટમાં જુબાની થયેલ અને વાદીનો કેસ સાબિત કરેલ ત્યારબાદ વાદીની જુબાની બાદ પ્રતિવાદી એ પણ કોર્ટમાં જુબાની આપેલ જેની વાદીના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વિસ્તુત ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ઉલટ તપાસમાં પ્રતિવાદી પાસે આ જગ્યાનો મિલકતનો કોઈ આધાર પુરાવો ન હોય તેમજ પ્રતિવાદીએ દરેક રોજકામ વખતે કોર્ટનો હુકમ હોવા છતાં સ્થળ સ્થિતિમાં ફેરફાર કરી બાંધકામ કરેલ હોવાનુ ઉલટતપાસ દરમિયાન કબૂલ કરેલ ત્યારબાદ બન્ને પક્ષના વકીલોની દલીલો સાંભળવામાં આવેલ જેમાં વાદીના વકીલ નયનભાઈ જોશી દ્વારા તર્કબંધ દલીલો કરતા અને તેમનો કેસ સબળ પુરાવાથી સાબિત કરેલ હોય દાવો મંજુર કરવા અને પ્રતિવાદીએ કોર્ટના હુકમનો ભંગ કરેલ હોય તેમને સજા કરવા દલીલો કરતા વિસાવદર ના ન્યાયમૂર્તિ એસ.એસ.ત્રિવેદી દ્વારા વાદીનો દાવો મંજુર કરી પ્રતિવાદીએ કરેલ બાંધકામ તેમના ખર્ચે દૂર કરવા અને દાવાવાળી મિલકતનો કબજો વાદી તથા તેમના માતા અને ભાઈઓ,બહેનોનો હોવાનું માની મનાઈહુકમનો પ્રતિવાદી એ ભંગ કરેલ હોવાની રજુઆત દયાને લઈને પ્રતિવાદીને ત્રણ મહિના ની જેલની સજા કરવા હુકમ કરેલો છે.

# જૂનાગઢનાં દિપાંજલીમાં રૂદ્ર હનુમાનજી મંદિરનાં પટાંગણમાં શ્રીમદ ભાગવત સપ્તાહ યજ્ઞમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના દિપાંજલી-૨માં આવેલ રૂદ્ર હનુમાન મંદિરના પટાંગણમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં વ્યાસપીઠ પરથી શાસ્ત્રી હાર્દિકભાઈ ઠાકર (જૂનાગઢ)ગુજરાતી લોકગાયીકા મધુબેન જોશીનાં સંગીત ગ્રુપના સંગીતમયનાં સથવારે કથાનું રસપાન કરાવી રહયા છે. મોટી સંખ્યામાં ભક્તો કથાનો લાભ લઈ રહયા છે. આ કથા દરમ્યાન તા.૧૩-૫-૨૪ના રોજ કપીલ પ્રાગટય ધ્રુવ ચરિત્રનો કાર્યક્રમ યોજાશે. જયારે તા.૧૪-૫ના રોજ વામન પ્રાગટય, તા.૧૫-૫ના રોજ રામ પ્રાગટય-કૃષ્ણ પ્રાગટય, તા.૧૬-૫ના રોજ ગોવર્ધન પુજા, તા.૧૭-૫ના રોજ રૂક્ષ્મણી વિવાહ, તા.૧૮-૫ના રોજ સુદામા ચરિત્ર હુંડી, વિષ્ણુ યાગ સહિતનાં પ્રસંગો ઉજવવામાં આવશે તો જૂનાગઢની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો આ સૂત્રને સાકાર કરતી ઉના તાલુકાની દિવ્યાંગ વિદ્યાર્થિની

(નીરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૧૩

કહેવત છે કે અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો દુનિયામાં સાહસિક લોકોને કોઈ કમી નથી પરંતુ સાહસ કરવો તમામ લોકો માટે શક્ય પણ નથી.ઉના તાલુકાના નવાબંદર ગામે રહેતા વાજા કલ્પના કરસનભાઈ નામની દિવ્યાંગ વિદ્યાર્થિનીના પરિવારમાં માતા ભાઈ અને પોતે કલ્પના મળી કુલ ત્રણ વ્યક્તિઓ જ રહે છે કલ્પના વાજા નાની હતી ત્યારથી જ તેના પિતા મૃત્યુ પામેલા હોય ત્યારે સંયુક્ત ઘરની જવાબદારી માતા પર આવી જતા તેમના માતા વેરાવળ ખાતે માછીમારીની કંપની માં માસિક ૮ હજાર જેટલી નાની રકમ કમાઈ છે અને દીકરા દીકરીને ભણાવે છે.

નાની દીકરી દિવ્યાંગ કલ્પના વાજાનો ભાઈ પણ અર્ધ (૫૦%) દિવ્યાંગ છે તે પણ અભ્યાસ કરે છે. કલ્પનાને બાળપણ વીત્યા બાદ આંખો ની રોશની જતી રહી ફરી ભણવા માટે તેના ભાઈએ તેમને ખૂબ મદદ કરી અને સપોર્ટ કરીને ભાવનગરની શ્રીકૃષ્ણસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં અભ્યાસ માટે મોકલી. અભ્યાસમાં ખૂબ હોશિયાર હોવાના લીધે અનેક વિવિધ સ્પર્ધાઓમાં ઉતીર્ણ થઈ કલ્પના એ પોતાની બંને આંખો ની રોશની ના હોવાનો અફસોસ ન કર્યો અને જીવનમાં આગળ વધવા થી જિજ્ઞાસા થી ભણવામાં ખૂબ રુચિ દાખવી.. રાજયની દિવ્યાંગ શાળાઓ માંથી કુલ ૧૫ જેટલા દિવ્યાંગ બાળકોએ ધોરણ ૧૨ની પરીક્ષા આપી હતી જેમાં ઉનાના નવાબંદર ગામે રહેતા કલ્પના વાજા નામની દિવ્યાંગ વિદ્યાર્થિનીએ બારમા ધોરણમાં ૮૪% જેટલું રિઝલ્ટ મેળવી દેવ્યાંગ વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબર મેળવી ગામનું નામ રોશન કર્યું હતું..આ સિવાય કલ્પના વાજાએ હેલન કેલન એવોર્ડ પણ મેળવ્યો છે. જીવન માં અભ્યાસ કરી કલ્પના વાજાને બેંક મેનેજર બની માતાનું અને ગામનુ નામ રોશન કરવાની ઈરછા પણ છે.. જ્યારે તેમના ભાઈ પણ જામનગર માં અભ્યાસ કરીને બેંકમાં નોકરી મેળવવાની ઈચ્છા રાખે છે.

# પ. પુ. શ્રી મુકતાનંદજી બાપુનાં ૬૬માં પ્રાગટ્યોત્સવ નિમિત્તે આયુર્વેદિક નિદાન તેમજ માર્ગદર્શન કેમ્પ યોજાશે



(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૧૩

સદગુરૂ પ. પુ. શ્રી મુકતાનંદજી બાપુનાં ૬૬માં પ્રાગટ્યોત્સવ નિમિત્તે પૂર્ણશક્તિ આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્ર - ચાપરડા દ્વારા ડાયાબીટીશ, બ્લડપ્રેશર, વા-સાંધાનાં દુ:ખાવા, પાચનનાં રોગો જેવા જુના અને હઠીલા રોગો માટે ખાસ નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન તેમજ માર્ગદર્શન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી ચાપરડા ગામ ખાતે કાર્યરત પૂર્ણશક્તિ આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્ર માં ડાયાબીટીસ, બ્લડપ્રેશર, વા-સાંધાનાં દુ:ખાવા, હૃદયરોગ, પાચનની તકલીફો માટે ખાસ નિદાન અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પ તા.૧૫થી ૧૭ દરમ્યાન સવારે ૯થી ૧ વાગ્યા સુધી પૂર્ણશકિત આયુર્વેદ – કુદરતી ઉપચાર કેન્દ્ર, ધ્રાફડ નદીનાં કિનારે, ચાપરડા ગામ, તા. વિસાવદર ખાતે યોજાશે. આ કેમ્પમાં કેસ નોંધાવવો ફરજયાત છે. જરૂરિયાત મંદ દર્દીઓને આયુર્વેદિક દવાઓ, તેમજ અગ્નિકર્મ સારવાર રાહતદરે આપવામાં આવશે.

પુષ્યનક્ષત્રનાં અનુક્રમે દર માસની જેમ આ વખતે પણ તા. ૧૩/૫/૨૪, સોમવારે સુવર્ણપ્રાશન કેમ્પનું પણ આયોજન પૂર્ણશક્તિ-ચાપરડા ખાતે કરવામાં આવેલછે જેમાં ૬ મહિનાથી ૧૩ વર્ષ સુધીનાં બાળકોને સુવર્ણપ્રાશનનાં ટીપાં પીવડાવવામાં આવશે. વધુ માહિતી માટે ૯૪૦૯૬૦૫૭૦૫ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# દ્વારકાના ૨ સમર કેમ્પ સંચાલકોએ યોગ કેમ્પમાં લીધી તાલીમ

(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૧૩

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી ૨૦ મે થી ૨૯ મે સુધી ૨૦૦ જેટલા સમર યોગ કેમ્પનું આયોજન ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં કરવામાં આવશે.આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં અડાલજ તેમજ વલસાડ ખાતે સમર યોગ કેમ્પના સંચાલકો માટે ત્રિ-દિવસીય તાલીમ ગત ૯,૧૦ અને ૧૧ મે દરમિયાન યોજવામાં આવેલી. આ તાલીમ દરમિયાન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગ સેવક શ્રી શિશપાલ રાજપુત સ્ટેટ કો-ઓર્ડીનેટર રાધેશ્યામજી સૌરાષ્ટ્ર ઝોન યોગ કોર્ડીનેટર પ્રીતિબેન શુકલ,જિલ્લા કોર્ડીનેટરો ઉપસ્થિત રહ્યા જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા યોગ કોર્ડીનેટર શ્રી ધનાભા જડિયાના માર્ગદર્શન હેઠળ દ્વારકા સમર યોગ કેમ્પ સંચાલક સન્નીભાઈ પુરોહિત તેમજ ભાણવડ સમર યોગ કેમ્પ સંચાલક માધવીબેન ખાણધર દ્વારા અડાલજ ખાતે તાલીમ લેવામાં આવી.૭ વર્ષથી ૧૫ વર્ષ સુધીના ભૂલકાઓને બ્રાઈટર માઈન્ડ તાલીમ,યોગ પ્રોટોકોલ તાલીમ સાથે પૌષ્ટિક આહાર આપવામાં આવશે. દ્વારકામાં ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે યોજાનાર કેમ્પ માટેના ૧૦૦ જેટલા રજીસ્ટ્રેશન પૂર્ણ



થયા છે.દ્વારકામાં રેશ્માબેન ગોકાણી તથા આયુષ્ય દંગી સહસંચાલક તરીકે તેમજ ભાણવડમાં લખનભાઈ વારોતરીયા તથા અલ્પાબેન પંડ્યા સહ સંચાલક તરીકેની ભૂમિકામાં રહેશે.સમર કેમ્પ બાદ ભવિષ્યમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સરકાર માન્ય યોગ સર્ટિફિકેટ બાળકોને આપવામાં આવશે. દ્વારકા ભાણવડ તેમજ કલ્યાણપુર એમ ૩ સ્થાનોમાં સમગ્ર જિલ્લામાં સમર કેમ્પનું આયોજન થશે.અત્રે ઉલ્લેખનીય છે કે બાળકો સહિત વાલીઓ પણ આ કેમ્પમાં જોડાવા ખૂબ જ ઉત્સુક છે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# એસએસસી બોર્ડની પરીક્ષામાં ગુરૂકુલના વિદ્યાર્થીઓએ બાજી મારી

## અંકલેશ્વરની શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, વિદ્યાલય, ધોરણ ૧૦નું ગુણવત્તાસભર પરિણામ

અંકલેશ્વર તા.૧૩


જીઆઈડીસી સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય, SSC બોર્ડનું શાનદાર પરિણામ આવતા સંસ્થાના વડા પૂજ્ય ગુરુજી સ્વામી કૃષ્ણસ્વરુપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી જયસ્વરુપ શાસ્ત્રી તેમજ ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયા દ્વારા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કરેલી મહેનતને શુભેચ્છાઓ આપીને બિરદાવવામાં આવી હતી. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંકે પટેલ મિહિર ૯૯.૦૭ PR A1



### A1 ગ્રેડમાં ૬ વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડમાં ૬ વિદ્યાર્થીઓ આવ્યા

ગ્રેડ, દ્વિતીય ક્રમાંકે પટેલ ધાર્મી ૯૮.૯૯ PR A1 ગ્રેડ, તૃતીય ક્રમાકે ચિત્રોડા જાન્હવી ૯૮.૬૫ PR A1 ગ્રેડ, ચતુર્થ ક્રમાંકે ભરવાડ હાર્દિક ૯૮.૧૭૭૧ ગ્રેડ સાથે ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ, વિજ્ઞાનમાં ૯૯ અને સંસ્કૃતમાં પણ ૯૯ માર્કસ પ્રાપ્ત કર્યા હતા. ક્રમશઃ પંચમ ક્રમાંકે બાલદાણિયા ઈશિકા ૯૭.૦૨ PR A1 ગ્રેડ તેમજ રાણપરિયા મેશ્વી ૯૭.૦૨ PR A1 ગ્રેડ મેળવીને ગુરુકુલ સંસ્થાનું સમગ્ર ભરૂચ જિલ્લામાં ગૌરવ વધાર્યું હતું.

# તુર્ક પરિવારનું ગૌરવ



જૂનાગઢ તા.૧૩

શ્રીમતી આર.એસ. કાલરીયા સ્કુલમાં ધો.૨ ઈંગ્લીશ મીડીયમમાં અભ્યાસ કરતી તુર્ક ઈકરા મઝહરખાને વાર્ષિક પરીક્ષામાં ૯૬.૪૮ ટકા સાથે પાસ થયેલ છે. આમ ઈકરાએ તેના મમ્મી-પપ્પા, દાદા-દાદી તેમજ તુર્ક પરિવારનું ગૌરવ વધારેલ છે.

# દ્વારકામાં ગણપતિ મંદિરે પંચ કુંડી મહાયજ્ઞ સાથે ધાર્મિક ઉત્સવ ઉજવાયો



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૧૩

ધર્મ નગરી દ્વારકામાં તમામ તહેવારોની ઉજવણી થતી હોય છે ત્યારે ગઈકાલે શ્રી વિનાયક ચોથની ઉજવણી દ્વારકાનો સેવા ક્ષેત્રે જાણીતું રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો લાભ દ્વારકાની ધર્મ પ્રેમી જનતાએ લીધો હતો પંચ કુંડી મહાયજ્ઞ સાથે ગણપતિ મંદિરે ધ્વજારોણ ખુલ્લા પડદે સ્નાન અભિષેક સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ વર્ષ થયા શ્રી વિનાયક ચોથના રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષ આવા અનેક ધાર્મિક અને સોશ્યલ કાર્યક્રમો દ્વારકા નાં આ રિદ્ધિ સિદ્ધિ યુવા ગ્રુપ મા માધ્યમ થી કરવામાં આવે છે.

# પાવર ચોરી કરતા ભાણવડના શખ્સના પાપે વીજકર્મીનો જીવ ગયો: આરોપી જેલ હવાલે

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧૩

ભાણવડ તાલુકાના ભરતપુર ગામે રહેતા એક શખ્સ દ્વારા પાવર ચોરી કરતા વીજ પોલ પર કામ કરી રહેલા કર્મચારીને જોરદાર વીજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણમાં ભાણવડ પોલીસે આરોપીને ઝડપી લઈ, જેલ હવાલે કરી દીધો હતો.

આ સમગ્ર પ્રકરણ અંગે પીજીવીસીએલના નાયબ ઈજનેર સંદીપભાઈ પટેલ દ્વારા પોલીસમાં જાહેર કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે જીઈબીના કર્મચારી હિતેશભાઈ ભારવાડીયા થોડા દિવસો પૂર્વે ભાણવડ નજીક આવેલા ભરતપુર ફીડરનું એલ.સી. (લાઈન કિલયર) અંગેનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન આરોપી એવા ભરતપુર ગામના રહીશ જુમા સલેમાનભાઈ હીંગોરા નામના સંધી શખ્સ દ્વારા ભરતપુર ફીડરના ઘર વપરાશના વીજ લાઈનમાં એલ.સી. (લાઈન કિલયર પરમીટ)ના કારણે તેની વાડીના રહેણાંક મકાનમાં પાવર કટ થયો હતો. ત્યારે આરોપી જુમા હિંગોરા દ્વારા તેનાજ વાડીમાં મોખાણા ફીડરનું ખેત વપરાશ માટેનું કનેક્શન હોય, તેમાંથી પાવર ચોરી કરી અને ઘર વપરાશ માટે પાવર લેતા આ પાવર રિટર્ન ભરતપુર ફીડરમાં જતા જી.ઈ.બી.ના કર્મચારી જે વીજ પોલ પર કામ કરી રહ્યા હતા ત્યાં તેમને જોરદાર વિજશોક લાગ્યો હતો. જેથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આમ, આરોપી પોતે જાણતા હોય કે મોખાણા ફીડર કે જે ખેત વપરાશ માટેનું છે, અને તેમાંથી પાવર લેશે તો રિટર્ન પાવર થવાના કારણે જાનહાની થશે અને કોઈનું મૃત્યુ નીપજશે આમ છતાં પણ પાવર ચોરી કરતા હિતેશભાઈ ભારવાડીયાનું મૃત્યુ નીપજ્યું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસ દ્વારા કલમ ૩૦૪ મુજબ ગુનો નોંધી, પી.એસ.આઈ. એમ.આર. સવસેટા દ્વારા વિવિધ પુરાવાઓ એકત્ર કરી અને આરોપીની અટકાયત કર્યા બાદ તેને જામનગર જેલ હવાલે મોકલી આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વીજ ચોરી માટે લંગરીયા નાખતા આરોપી જુમા સુલેમાન સામે પીજીવીસીએલ તંત્ર દ્વારા પણ વીજ ચોરી અંગેનો અલગ કેસ કરવામાં આવ્યો છે.

## દુ:ખદ અવસાન - બેસણું



જૂનાગઢ નિવાસી ઉપેન મનસુખલાલ ત્રિવેદીના ધર્મ પત્ની ચેતનાબેન ઉપેનભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૧) તે મનિષભાઈ અને અતુલભાઈ, તેમજ યશવંતભાઈ, વિજયભાઈ, ભાવિનભાઈ તથા મહેશભાઈ (રાજકોટ), ઘનશ્યામભાઈ (ગોંડલ), રાજેશભાઈ (ગુંદાળા)ના નાના ભાઈના ધર્મ પત્ની,તથા કૌશિકના ભાભી (અમદાવાદ ), જય (જય ત્રિવેદી ફોટોગ્રાફી), સમીર (દર્પણ સ્ટુડિયો) ધનુષભાઈ, મનાલભાઈ, સુમિતભાઈ (પ્લેઝર જેમ્સ કલરલેબ), પ્રકાશભાઈ (ભાલછેલ)વાળાના કાકી, પોરબંદર નિવાસી અશ્વિનભાઈ ઠાકર અને કૌશિકભાઈ ઠાકરના નાના બહેન તા.૧૨-૫-૨૪ને રવિવારના રોજ કૈલાસવાસ પામેલા છે. સદગતનું બેસણું તા. ૧૬-૫-૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ અમારા નિવાસ મયુરનગર શેરી નં.૩, ગોકુલેશ

# જૂનાગઢમાં રાત્રે ભવ્ય લોકડાયરો



## શિવરાજભાઈ વાળા સહિતના કલાકારો જમાવટ કરશે

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના બિલનાથ મંદિર ખાતે રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ દ્વારા આયોજીત ભાગવત સપ્તાહમાં શાસ્ત્રી ડો.જગતભાઈ તેરૈયા દરરોજ બપોરે ૩ થી ૭ વાગ્યા સુધી રસપાન કરાવી રહયા છે. જેમાં આજે કથાના પાંચમા દિવસે ગૌવર્ધન ઉત્સવ ઉજવવામાં આવશે અને રાત્રે ૯-૩૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું છે તેમાં લોકસાહિત્યકાર શિવરાજભાઈ વાળા સહિત નામી-અનામી કલાકારો જમાવટ કરશે તો આ કાર્યક્રમમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા મહિલા મંડળના પ્રમુખ મીનાક્ષીબેન મહેતા તથા રમેશભાઈ મહેતાએ નિમંત્રણ પાઠવ્યું છે.

## ઉર્ષે હુઝુર તાજુશ્શરીયાહ નિમિતે જૂનાગઢ શહેર માટે હજ અને ઉમરાહનો પ્રેકટીકલ પ્રોગ્રામ

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેર માટે ઉર્ષે હુઝુર તાજુશ્શરીયાહ નિમિતે હજ અને ઉમરાહના પ્રેકટીકલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. પુરૂષો માટે લેન મસ્જીદમાં અને મહિલાઓ માટે લેન મસ્જીદની સામે રફીકભાઈ સુમરાના મકાનમાં પડદા સાથે બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રેકટીકલ પ્રોગ્રામમાં આવનારા લોકો માટે ચા, પાણી તેમજ બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. તા.૧૪-૫-૨૪ મંગળવારે સવારે ૯ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી લેન મસ્જીદ, જેઈલ રોડ, સૌરાષ્ટ્ર ભૂમિ પ્રેસની સામે આ પ્રેકટીકલ પ્રોગ્રામ રાખવામાં આવેલ છે તેમ હાજી હાફીઝ સલીમ રઝા અઝહરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# સોરઠ પંથકમાં ત્રણ અપમૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ શહેરમાં સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા રસીદાબેન જમાલભાઈ સરગસીયા (ઉ.વ. ૪૪)એ પોતાની રીતે એસીડ પી જતાં તેમને સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવતાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયેલ છે. એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે કેશોદ તાલુકાનાં સુત્રેજ ગામનાં ભરત વજશી માવલીયા (ઉ.વ. ૨૫)એ ઘણા સમયથી કામધંધો મળતો ન હોય જેના લીધે ટેન્શનમાં રહેતો હોય જેથી પોતાની મેળે ઝેરી પાવડર પી જતાં મૃત્યું પામેલ છે. કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત વંથલી તાલુકાનાં કણજા ગામનાં પીઠાભાઈ મુળાભાઈ બગડા (ઉ.વ. ૬૫)એ ઘઉંમાં નાખવાનાં ઝેરી સેલફોસનાં ટીકડા પી જતાં મૃત્યું પામેલ છે. વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### આગામી ટુંક સમયમાં યોજાનારી

# જૂનાગઢ મનપાની ચુંટણી પહેલાં ભાજપ દ્વારા 'મેયર'નાં ચહેરાની શોધ શરૂ

## પ્રજા આગળ-પાછળની ફરીયાદો ભુલી જાય તેવી વ્યકિતને પ્રોજેકટ કરવા ભાજપની રણનીતી !

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ મનપાની આગામી ચુંટણી માટે ભાજપ દ્વારા કવાયતો શરૂ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં મનપાનાં મેયર તરીકે નવા ચહેરાની શોધ પણ ચાલી રહી છે. અને દર વખતે બને છે તેમ સર્વ માન્ય 'ચહેરો' છેલ્લી ઘડીએ મુકી અને તેનાં દમ પર મનપાનો જંગ જીતી લેવામાં આવે છે. અને આ વખતે એટલે કે મનપાની યોજાનાર ચુંટણી માટે ખાસ કરીને મેયર તેમજ કોર્પોરેટર તરીકે એવી વ્યકિતઓને ટીકીટ આપવામાં આવશે કે લોકો સારૂ, ખરાબ, ફરીયાદો, પ્રજાનાં પ્રશ્નો બધુ જ ભુલી જાય અને ફરી પાછા ખોબલે ખોબલે મત આપી મનપાનું શાસન ભાજપને સોંપી દે તેવી વ્યુહરચના ઘડવામાં આવી રહી છે.

લોકસભાની જૂનાગઢ બેઠક તેમજ માણાવદર વિધાનસભાની બેઠકની ચુંટણી યોજાઈ ગઈ અને હવે રાહ છે તો માત્ર પરીણામની અને લોકસભા ૨૦૨૪ની સામાન્ય ચુંટણીનું પરીણામ આગામી તા. ૪ જુનનાં રોજ જાહેર થવાનું છે. અને તેની ઈંતેજારી દેશવાસીઓને છે. પરીણામ જાહેર થયા બાદ નવી સરકારની રચનાની કામગીરી શરૂ થવાની છે. દરમ્યાન ચુંટણીઓ પૂર્ણ થઈ છે તેવા સંજોગોમાં જૂનાગઢ મનપાની ચુંટણી બસ થોડા સમયમાં જ યોજાવાની છે. છેલ્લા પાંચ વર્ષનાં ભાજપ શાસીત મનપામાં ઘણા કામો થયા છે. અને જે કામો થયા છે તેનાં કરતાં સંખ્યાબંધ પ્રાથમિક સુવિધાનાં પ્રશ્નોથી જનતા પીડાઈ રહી છે.

અને અધુરામાં પુરૂ ગત વર્ષે જુન માસમાં જળહોનારતનાં બનાવે લોકોમાં ખુબ જ અસંતોષ પ્રસરાવી દીધો છે. આ ઉપરાંત વોંકળા ઉપરનાં ગેરકાયદેસર દબાણો હજુ સુધી પુરેપુરા દૂર થયા નથી. આમ અનેક મુદાઓને લઈને પ્રજા નારાજ છે. અને નારાજ થયેલ જૂનાગઢવાસીઓ કંઈક નવુ કરવાનાં મુડમાં છે. તો બીજી તરફ જૂનાગઢ મનપાની આગામી ચુંટણી માટે કેટલાક સંગઠનો પણ પોતાનાં પ્રતિભાશાળી ઉમેદવાર ઉભા રાખે તો નવાઈ નહી. સામા પક્ષે ભાજપ દ્વારા આ બાબતે વખતે જૂનાગઢ મનપાનું શાસન કબ્જે કરવા રણનીતી ઘડી રહયું છે.

જૂનાગઢ મનપાની પહેલી ચુંટણી આવી ત્યારે પ્રથમ મેયર તરીકે ધારાસભ્ય મહેન્દ્ર મશરૂને પ્રોજેકટ કરી મનપા કબ્જે કરી હતી. ત્યારબાદ ફરી એકવાર મનપામાં કેસરીયો લહેરાવવા પીઢ રાજકીય નેતાઓ કે જેઓ પૂર્વ મંત્રી, પૂર્વ સાંસદ કક્ષાનાં વરીષ્ઠોને મનપાની ચુંટણીમાં ઉતારી અને મનપાનું શાસન કબ્જે કરી લેવામાં આવ્યું હતું. અને ગત ચુંટણીની વાત કરીએ તો અગ્રણી બિલ્ડર અને સમાજસેવી સ્વ. ધીરૂભાઈ ગોહેલને મેયર તરીકે રજુ કરી અને ચુંટણી જંગ જીતી લીધો હતો. હવે જયારે નજીકનાં સમયમાં મનપાની ચુંટણી આવી રહી છે તો મનપાનો ચુંટણી જંગ કોના દમ ઉપર જીતવો તે બાબતે મથામણ ચાલી રહી છે. જો કે ભાજપ હાઈકમાન્ડ તેમજ મુખ્યમંત્રીને ખબર છે જ કે જો વર્તમાન પદાધિકારીઓમાંથી કેટલાકને ટીકીટ ફાળવવામાં આવે તો ભાજપને મોટુ નુકશાન જાય તેમ છે. અને એટલા માટે જ ફરી એકવાર ભાજપ દ્વારા મનપાનું શાસન કબ્જે કરવા માટે રણનીતી ઘડવામાં આવી રહી છે. અને જાણકાર સુત્રોનાં જણાવ્યા અનુસાર મેયર તરીકેનો નવો ચહેરો શોધવામાં આવી રહયો છે. મુખ્યમંત્રીનાં નજીકને હોય તેવી વ્યકિતની મનપાની ચુંટણીનો દોર સોંપવામાં આવે તો નવાઈ નહી.

# સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં આવતીકાલથી તા. ૧૪, ૧૫ અને ૧૬ મે એ છૂટો છવાયો હળવો વરસાદ પડવાની આગાહી

## ખેડૂતોના પાકના રક્ષણ માટે જરૂરી સૂચનાઓ બહાર પડાઈ

જૂનાગઢ તા.૧૩

સૌરાષ્ટ્રના કેટલાક ભૂભાગમાં આવતીકાલથી તા. ૧૪, ૧૫ અને ૧૬ છૂટો છવાયો હળવો વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ વરસાદ સાથે ગાજવીજ થવાની સંભાવનાઓ હોય છે. ત્યારે ખેડૂતોએ પોતાના પાકના સંરક્ષણ માટે કેટલીક કાળજી લેવી જરૂરી બને છે. આ માટે જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાએ ખેડૂતોએ જરૂરી તકેદરી રાખવા માટે સૂચનાઓ બહાર પાડી છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકસાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો ફાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.

જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો, ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલડે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો.

એપીએમસીમાં વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલાં લેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. એપીએમસીમાં અનાજ અને ખેત પેદાશો સુરક્ષિત રાખવા. એપીએમસીમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આ સંદર્ભે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ) કેવીકે અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નં.૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# વીજળીથી બચવા માટે ઉપયોગી સૂચનાઓ બહાર પડાઈ

## વીજળીના બનાવ વખતે જરૂરી તકેદારી લેવામાં આવે તો આફત ટાળી શકાય

જૂનાગઢ તા.૧૩

વરસાદની સાથે વીજળી ત્રાટકવાની પણ સંભાવનાઓ રહેતી હોય છે. ત્યારે તાત્કાલિક સલામત આશ્રય શોધવો જરૂરી બને છે. ઉપરાંત વીજળીના બનાવ વખતે જરૂરી તકેદારી લેવામાં આવે તો જીવન બચાવવામાં મદદરૂપ થાય છે.

વીજળી કોઈપણ વસ્તુ પર ત્રાટકતી હોય છે. વીજળી પડવાની સંભાવનાઓ હોય ત્યારે ઘરમાં જ રહો અથવા ઘરની અંદર જતા રહો વીજળીનો કડાકો સંભળાય તો અનિવાર્યપણે જરૂરી ન હોય તે સિવાય બહાર ન જશો બારી બારણા અને વીજળીના ઉપકરણોથી દૂર રહો. વીજળીના વાહક બને તેવી કોઈપણ ચીજ વસ્તુથી દૂર રહો આ બાબતોમાં પઠા રેડીએટર ચૂલા ધાતુની નળી ઝીંક અને ફોનનો સમાવેશ થાય છે વાવાઝોડું તોફાન આવતું હોય તે પહેલા જ ઉપકરણોના વાયર પ્લગમાંથી કાઢી નાખો પરંતુ તોફાન દરમિયાન તેમ કરવું નહીં.

ટીવી, મ્યુઝિક, મિક્ચર - બ્લેન્ડર , ઈસ્ત્રી, હેર ડ્રાઈવર ઈલેક્ટ્રિકલ રેઝર જેવા વિદ્યુત ઉપકરણો જેનો સંપર્ક પ્લગ સાથે ચાલુ હોય તેનો ઉપયોગ કરશો નહીં. જો વીજળી તમારા ઘર પર પડે તો તેનો વીજભારવહન થઈને તમારા સુધી પહોંચી શકે છે. વાવાઝોડા દરમિયાન ટેલીફોનનો ઉપયોગ કરશો નહીં. વીજળી બહાર આવેલી ટેલીફોન લાઈનો ઉપર તાટકી શકે છે. ખાસ આકસ્મિકતા હોય તે પૂરતું જ ટેલીફોનનો ઉપયોગ કરો. સિન્ક, બાથ અને નળ સહિત નળીઓનો સંપર્ક ટાળો.

ઘરની બહાર હોય ત્યારે વીજળીથી બચી શકાય તેવું આશરે શોધવું મકાનો આશ્રય માટે ઉત્તમ ગણાય પરંતુ આવું કોઈ મકાન આસપાસમાં ન મળે તો તેમ કોઈ બખોલ ખાઈ અથવા ગુફામાં રક્ષણ મેળવી શકાય. વૃક્ષો યોગ્ય આશ્રય ગણાય નહીં. ઉંચા વૃક્ષો વીજળીને આકર્ષે છે, વૃક્ષોનો આશ્રય લેવો નહીં.

જો મુસાફરી કરતા હોવ તો તમારા વાહનમાં જ રહો. વાહનો વીજળીથી તમને સૌથી સારું રક્ષણ પૂરું પાડી શકે છે. જેનું છાપરું મજબૂત હોય તેવી કાર વાહનમાં રહો જો આશ્રય ન મળી શકે તો વિસ્તારમાંના ઊંચા માળખામાં આશ્રય લેવો નહીં. આસપાસમાં માત્ર એકાદ વૃક્ષ હોય તો આવા વૃક્ષની ઊંચાઈથી બમણા અંતરે ખુલ્લામાં આશ્રય લેવો હિતાવહ ગણાય. આસપાસની જમીનના અંતરથી વધુ ઊંચા માળખા ધરાવતા વિસ્તારમાં આશ્રય લેવાનું ટાળો. લોકોના ટોળામાં રહેવાના બદલે છુટા છવાયા વિખરાઈ જાઓ.

ધાતુનું આવરણ ધરાવતી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો નહીં. બાઈક, વીજળી અથવા ટેલીફોનના થાંભલા, તારની વાડ, યંત્રો વગેરે સહિત ધાતુની ચીજ વસ્તુઓથી દૂર રહો. પાણીની બહાર નીકળી જાઓ. આમાં પાણીમાં રહેલ નાની હોડીઓ માંથી બહાર નીકળી જવાનો સમાવેશ થાય છે. હોળીમાંથી તાત્કાલિક બહાર નીકળેલને પુલ, તળાવ અને અન્ય જળાશયો માંથી દૂર રહો.

જયારે વીજળીનો ઝટકો લાગે ત્યારે તમારા માથાના વાળ ઊભા થઈ જાય અથવા ચામડીમાં જણજણાટ થાય ત્યારે વીજળી તમારી આસપાસ ત્રાટકવા ઉપર છે તેમ સમજવું. તાત્કાલિક નીચા નમીને કાન ઢાંકી દેવા. જમીન પર સૂવું નહીં અથવા તો જમીન પર હાથ ટેકવવા નહીં. વીજળીનો આંચકો લાગેલી વ્યક્તિને જરૂર જણાય તો સીપીઆર (કાર્ડિયો પાલ્મોનરી રિસસિટેશન) એટલે કે કુત્રિમ શ્વાસોશ્વાસ આપવો જોઈએ અને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવી તેમ એક અખબાર યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં સંત શ્રી આશારામજી બાપુ પ્રેરિત સત્સાહિત્ય સેવા કેન્દ્રનો શુભારંભ








જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં તા. ૧૦ મે અખાત્રીજના પુનિત શોપિંગ સેન્ટર રાણાવાવ ચોક ખાતે સંત શ્રી આસારામજી બાપુ પ્રેરિત અને શ્રી યોગ વેદાંત સેવા સમિતિના આયોજન નીચે એક સામાજિક સેવાના અભિગમ સાથે ખાસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અખિલ ગુજરાત સંત સમિતિના સંતો મહંતો, એડવોકેટો તેમજ વિશેષ મહાનુભાવોની હાજરી સાથે શાસ્ત્રોક્ત વિધિ સાથે દીપ પ્રાગટ્ય બાદ રોડ પર બપોરના ધૂમ ધક્તા તડકામાં સેવાધારીઓ દ્વારા લોકોમાં નિઃશુલ્ક આર્યુવેદિક શરબત વિતરણ તેમજ ગરીબોમાં ભંડારો કરવામાં આવ્યો હતો અને ભોજન પ્રસાદનું ખાસ આયોજન હતું.

શ્રી યોગ વેદાંત સેવા સમિતિ અને રાષ્ટ્ર વંદના મંચ જુનાગઢ જિલ્લાના અધ્યક્ષ શ્રીરામભાઈ ભુતીયાની વિશેષ યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે આર્યુવેદ એ ભારતનો આત્મા છે જ્યારે વૈદિક શાસ્ત્રો એ ભારતનું શરીર છે આ બંનેનો સમન્વય આ સત સાહિત્ય સેવા કેન્દ્રમાં કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે. પ્રથમ દિવસે જ બહુવિધ લોકોએ આ કેન્દ્રની મુલાકાત લઈ ખૂબ જ અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ સત સાહિત્ય કેન્દ્ર અને સેવાનો લાભ લેવા અલગ અલગ સ્થળેથી સમિતિઓ જેમકે ગોંડલ સમિતિ, રાજકોટ સમિતિ, મહિલા ઉત્થાન મંડળ રાજકોટની બહેનો, પોરબંદર સમિતિ તેમજ દૂરથી દૂરથી આવેલા ભાવિકોએ પોતાની સેવાઓ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન શ્રીરામભાઈ ભૂતિયાની અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રી યોગ વેદાંત સેવા સમિતિના શ્રી વિમલભાઈ હિંગુ, ભીખુભાઈ ડાવરીયા, વિજયભાઈ હરવાણી, કિશોરભાઈ મહેતા તેમજ સેવાભાવી લોકોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# સત્ય અને મૂલ્યનિષ્ઠાનાં ભેખધારી પુર્વ ધારાસભ્ય રત્નાબાપા ઠુમ્મરનું અવસાન : શ્રધ્ધાંજલી અર્પણ

## ૧૦૩ વર્ષ ની આવરદા પ્રાપ્ત પ્રખર રાષ્ટ્રવાદી, જાહેરજીવન દરમિયાન સરકારી ભથ્થા અસ્વિકૃત કરનાર રત્નાભાઇનો આત્મા દિવ્ય જ્યોતમાં વિલીન





ખેડૂતોનાં મસીહા બની તત્કાલીન સરકાર સામે બંડ પોકારી ખેડૂતો પર લાદેલ લેવી કર નાબુદ કરાવ્યો

જૂનાગઢ તા.૧૩

સૌરાષ્ટ્રની ધરા પરથી શતાયુ ઉમર પાર કરી ચૂકેલા પ્રખર રાષ્ટ્રવાદી મૂલ્યનિષ્ઠ રાજનીતિજ્ઞ, ખેડૂતોના મસિહા પૂર્વ ધારાસભ્ય એવા રત્નાભાઈ મનજીભાઈ ઠુંમરનું આજે ૧૦૩ વર્ષની ઉંમરે દેહાવસાન થતાં સૌરાષ્ટ્ર પ્રદેશે એક સનિષ્ઠ સત્યવાદી રાજનેતાની છત્રછાયા ગુમાવી છે, અત્રે ઉલ્લેખનીય છે કે સોરઠ પ્રદેશમાં વસવાટ કરતા મૂલ્ય નિષ્ઠ રાજનીતિજ્ઞોમાં સૂર્યકાંતભાઈ આચાર્ય કે જેઓ વનવાસી ક્ષેત્રમાં વન બંધોના કલ્યાણ અર્થે જીવન પર્યંત પોતાની જિંદગી ખર્ચી હતી, અને સોરઠમાં ખેડૂતો પર અગાઉની સરકારોએ લાદેલી લેવી પ્રથા એટલે કે લેવીકરને નાબૂદ કરવા માટે જેમણે લોકલડત ને અંજામ આપ્યો હતો એવા પ્રખર સત્યનિષ્ઠ રત્નાભાઈ ઠુંમર પ્રધાનમંત્રીશ્રીના અંગત વર્તુળ પૈકીના આત્માઓ રહ્યા છે. આજે રત્નાભાઈએ ૧૦૩ વર્ષની ઉંમરે પોતાના વિશાળ પરિવારને વિલાપ કરતો મૂકીને વૈકુઠ તરફ પ્રયાણ કર્યું છે, ત્યારે સૌરાષ્ટ્ર પ્રદેશે એક મૂલ્યનિષ્ઠ નેતૃત્વની ખોટ પડી છે ,અત્રે ઉલ્લેખનીય છે કે રાજકીય કારકિર્દી દરમિયાન રત્નાભાઇ ઠુમરે સરકારની તિજોરીમાંથી ક્યારેય એક પણ પૈસાનો ભથ્થાનો સ્વીકાર કર્યો નથી,ધારાસભ્ય પદે પોતાના કાર્યકાળ દરમિયાન તેઓએ સામાન્ય એસટી બસમાં જ ગાંધીનગર ખાતે જવા આવવાની નેમ રાખી હતી. રત્નાભાઈએ લાલ બહાદુર શાસ્ત્રીના અઠવાડિયે એક ટંક અને અન્ન ત્યાગની વિભાવનાને જીવન પર્યંત સ્વીકારીને પોતાના પરિવાર સાથે દર સોમવારે એક ટંક ભોજન નહીં સ્વીકારવાની પ્રથા કાયમી અમલ બનાવી રાખી હતી. આ જ રીતે રત્નાભાઈએ પોતાના માતૃશ્રી જીવી બાના સ્મરણ અર્થે પોતાની પાસે એક અલગ આવકનો સોર્સ જાળવાઈ રહે તે માટે જમીન રાખી તેમાંથી ઉત્પાદિત ખેત ઉત્પાદનમાંથી થતી આવક ગામની વિધવા ત્યકતા બહેનોના કલ્યાણ અર્થે, ગરીબ બાળકોના શિક્ષણ અર્થે, ગામની ગૌશાળા ના દાન માટે, અને જરૂરીયાત મંદ પરિવારોને અન્ન વિતરણ થઈ શકે તે દિશામાં સત્કાર્ય કરતા રહ્યા છે. ત્યારે તેઓએ પ્રધાનમંત્રીશ્રી ની હાકલને સાંભળીને કોરોના કાળે પ્રધાનમંત્રી શ્રી ના ફંડમાં એકાવન હજાર રૂપિયાની નિધિ અર્પણ કરી હતી. ભગવાન શ્રીરામના નીજ મંદિર ના નિર્માણ છે ૨૫૦૦૦ રૂપિયાનું અનુદાન જોડયુ હતું.તો સૈનિક વેફર કલ્યાણ ફંડમાં બીપીન રાવતના સ્મરણાર્થે પોતે ૫૧૦૦૦ની નિધિ લખાવીને સત્કાર્યમાં પોતાનો હિસ્સો જોડયો હતો. આમ રત્નાભાઈ ઠુંમર આજે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે તેમના ચીરકાલીન કાર્યો આ સમાજને નવો રાહ ચિંધતા રહેશે અને તેમના પથ પર ચાલવા આજના યુવાનોને નવી પ્રેરણા મળતી રહેશે. ભગવાન દિવંગત રત્નાબાપા ઠુંમરના આત્માને ચિર ગતી પ્રદાન કરે એવી પ્રાર્થના આજે તેમના લાખો શુભચિંતકો વ્યક્ત કરી રહ્યા છે.

# જોષીપરામાં ઘર પાસે ગાળો બોલવાની ના પાડતાં માર માર્યો : પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ શહેરનાં જોષીપરાનાં સાબરીન સોસાયટીમાં રહેતા હમજાભાઈ હાજીભાઈ દલએ અકીલ જીવાભાઈ, એજાજ જીવાભાઈ તથા અજાણ્યા છ-સાત શખ્સો સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી તથા તેના મોટા ભાઈ પોતાનાં ઘરની ડેલી બહાર નીકળતા ઘરના સામે ઓટા ઉપર લતાનાં છોકરાઓ જોરશોરથી ભુંડી ગાળો બોલી વાતો કરતા હોય જેથી આ અંગે ફરીયાદીનાં ભાઈ સમજાવવા જતાં આ કામનાં આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા તેના ભાઈને ઢીકાપાટુનો મુંઢ માર મારી ફરીયાદીને ડાબા પગની પીંડી ઉપર એક ધોકો મારી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં બી ડીવીઝનનાં એએસઆઈ એચ.એસ. બલદાણીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

જોઈએ છે
જૂનાગઢનાં ફેમસ શો-રૂમમાં
વર્ક કરી શકે તેવા લેડીઝ - જેન્ટસ જોઈએ છે
સેલ્સ ગર્લ્સ જોઈએ છે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
પરેશભાઈ
મો.૮૨૦૦૯ ૧૩૩૦૦
રાધેશ્યામ પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ
: ઉત્પાદક :
કોરૂગેટેડ બોક્ષ એન્ડ સીટસ / રોલ
સહયોગી પેઢી
યમુનાજી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ
પ્લોટ નં. ૧૪/૧૫, બામણગામ,
ભેસાણ રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો. પ્રતિક ડોબરીયા
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY- MA યોજના અંતર્ગત મફત સારવાર
મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.